જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૧૨-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

લખનઉમાં પ્રિયંકા-રાહુલનો લકી બસમાં ૧૫ કિમીનો લાંબો રોડ શૉ

અમે ફ્રન્ટફુટમાં રમવા આવ્યા છીએ નહીં કે બેકફુટ પર: રાહુલ ગાંધી

ભવ્ય રોડ શૉમાં પ્રિયંકા-રાહુલનું ઠેર-ઠેર સ્વાગત કરાયું,ભાઈ-બહેનનું ઉત્તરપ્રદેશમાં શક્તિપ્રદર્શન

લખનઉ

પૂર્વીય ઉત્તર પ્રદેશનાં ચાર્જ સાથે કોંગ્રેસનાં મહામંત્રી બનેલાં પ્રિયંકા ગાંધી-વાડ્રાએ લોકસભા ચૂંટણી પૂર્વે એમનાં 'મિશન યૂપી'નો આજથી ધમાકેદાર રીતે આરંભ કર્યો છે. તેઓ પાંચ દિવસ માટે ઉત્તર પ્રદેશમાં રહેવાનાં છે. આજે એમણે પાટનગર લખનઉમાં રોડશો આદર્યો હતો. કોંગ્રેસના આ મેગા રોડશોમાં કોંગ્રેસી નેતાઓ અને કાર્યકર્તાઓ હજારોની સંખ્યામાં જોડાયાં હતા. પ્રિયંકાની સાથે આ રોડશોમાં એમનાં ભાઈ અને પક્ષપ્રમુખ રાહુલ ગાંધી પણ સામેલ થયા હતા. આ ૧૫-કિલોમીટર લાંબા રોડશોનો આરંભ પ્રિયંકા અમૌસી એરપોર્ટ ખાતેથી જ કરવામાં આવ્યો હતો.

રોડશો એરપોર્ટથી નેહરુ ભવન સુધીનો હતો, જે ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિનું મુખ્યાલય છે. સમગ્ર રોડશોનાં રૂટ પર ઠેર ઠેર પક્ષનાં બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ હાથમાં પક્ષના ધ્વજ સાથે ઊભા હતા. પક્ષના મુખ્યાલયને પણ ફૂલો અને ધ્વજથી શણગારવામાં



આવ્યું હતું. મુખ્યાલય તરફ દોરી જતા રસ્તાની બંને બાજુએ પક્ષના ધ્વજ લગાડવામાં આવ્યા હતા.

આ રોડશોમાં પશ્ચિમી ઉત્તર પ્રદેશનો ચાર્જ મેળવનાર જ્યોતિરાદિત્ય સિંધિયા પણ સામેલ હતા. ગયા મહિને રાજકારણમાં પ્રવેશ કર્યા બાદ પ્રિયંકા ગાંધીએ ઉત્તર પ્રદેશમાં



આ પહેલી જ વાર મુલાકાત લીધી છે. કોંગ્રેસ પાર્ટીએ પ્રિયંકાને ઉત્તર પ્રદેશની ૮૦માંથી ૪૨ લોકસભા સીટ જીતી આપવાની જવાબદારી સોંપી છે. આમાં ૩૦ સીટ પૂર્વાંચલમાં છે અને બાકીની અવધમાં છે.

રાહુલ ગાંધીએ રોડ શો દરમિયાન નાનકડુ ભાષણ આપ્યુ હતુ. જેમાં તેમણે કહ્યું કે, 'ચોકીદાર ચોર છે'નાં નારા લગાવ્યા હતા. તેમણે કહ્યું કે, દેશનાં ચોકીદારે યુપી અને બાકીનાં રાજ્યો પાસેથી પૈસા ચોરી કર્યા છે. કાલનાં પેપરમાં લખવામાં આવ્યુ છે કે ભ્રષ્ટાચારનો ક્લોઝ મોદીએ હટાવ્યો અને અનિલ અંબાણીને ફાયદો પહોંચાડ્યો હતો. હવે મેં પ્રિયંકા અને સિંધિયાજીને અહીંના મહાસચિવ બનાવ્યા છે. મેં કહ્યું છે કે ઉત્તરપ્રદેશમાં વર્ષોથી જે અન્યાય થઈ રહ્યો છે તેની સામે લડવાનું છે અને ન્યાય વાળી સરકાર લાવવાની છે. લોકસભા તેમનું લક્ષ્ય જરૂર છે, પરંતુ આ લોકોએ વિધાનસભામાં પણ કોંગ્રેસની સરકાર બનાવાની છે. જ્યા સુધી કોંગ્રેસની સરકાર નહી બને ત્યા સુધી હું ,સિંધિયાજી અને પ્રિયંકા લડતા રહીશું. અમે બેકફુટ પર રમવાવાળા નથી.

પ્રિયંકા ગાંધી ૧૪ ફેબ્રુઆરીના રોજ ચાર દિવસના ઉત્તર પ્રદેશ પ્રવાસ બાદ દિલ્હી પરત ફરશે. તેનો ચાર દિવસનો પ્રવાસ એવી રીતે નક્કી કરવામાં આવ્યો છે જેનાથી તે વધારેમાં વધારે લોકો સાથે મુલાકાત કરી શકે.

ભ્રષ્ટાચાર વિરોધી દંડની જોગવાઈમાં ફેરફાર કરી રાફેલ ડીલ કરવામાં આવી

પાર્રિકરની અધ્યક્ષતાવાળી પરિષદે ડીલની શરતોમાં ૮ ફેરફારો કર્યા હતા,સરકારે એસ્ક્રો એકાઉન્ટ થકી પેમેન્ટને લઈને નાણાકીય સલાહકારોની ભલામણોની સાથે જ ભ્રષ્ટાચારના મામલામાં પેનલ્ટી જેવી આકરી જોગવાઈઓને હટાવી લીધી હતી

ન્યુ દિલ્હી

રાફેલ મામલે વડાપ્રધાન મોદીની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ જ નથી લઈ રહી. રક્ષા મંત્રાલય સિવાય ડીલમાં સમાંતર વાતચીતની ભૂમિકાને કારણે હોબાળો થયો હતો. હવે રિપોર્ટમાં ફરી એક ખુલાસો કરવામાં આવ્યો છે. એક રિપોર્ટ મુજબ, ડીલમાંથી ભ્રષ્ટાચાર વિરોધી દંડની જોગવાઈ અને એક એસ્ક્રો એકાઉન્ટને હટાવાયા છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ, ભ્રષ્ટાચારને જળ મૂળમાંથી ઉખાડી નાખવાના દાવા કરતી સરકાર દ્વારા રાફેલ મુદ્દે લાભ લેવામાં આવ્યો છે. અંગ્રેજી અખબારના દસ્તાવેજોના હવાલો આપતા જણાવ્યું હતું કે, તત્કાલીન સક્ષા મંત્રી મનોહર પર્રિકરના વડપણ હેઠળની રક્ષા અધિગ્રહણ પરિષદે સપ્ટેમ્બર ૨૦૧૬માં બે સરકારો વચ્ચે થયેલા કરાર, સપ્લાય પ્રોટોકોલ, ઓફસેટ કોન્ટ્રાક્ટ અને ઓફસેટ શેડ્યુલમાં ૮ ફેરફાર મંજૂર કર્યા હતા. રિપોર્ટ મુજબ, રાફેલ કરારમાં ઉચ્ચ સ્તરીય રાજકીય હસ્તક્ષેપ કરવામાં આવ્યા છે. અનુચિત પ્રભાવના ઉપયોગ પર દંડ, એજન્ટ કમિશન, દસોલ્ટ અને એમબીડીએ ફ્રાન્સ કંપનીના ખાતા સુધી જોગવાઈ ડીલના ડ્રાફ્ટમાંથી હટાવવામાં આવ્યા છે. એક અંગ્રેજી અખબારના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ભારત અને ફ્રાન્સ વચ્ચે થયેલા કરાર મુજબ દસોલ્ટ વિમાનોના સપ્લાયર છે અને એમબીડીએ ફ્રાન્સ ભારતીય વાયુસેના માટે હથિયારોની સપ્લાયર છે. રાફેલ ડીલના એગ્રિમેન્ટ અને દસ્તાવેજોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેબિનેટ કમિટિ(સિક્યોરિટી) ૨૪ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ મંજૂર આપી હતી. કેટલાક દિવસો અગાઉ એક અંગ્રેજી અખબાર દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, ડીલ સમયે પીઓમઓ તરફથી સમાંતર વાતચીત કરવામાં આવી રહી હતી. રક્ષા મંક્ષાલયે આ અંગે વાંધો ઉઠાવ્યો હતો.

નાયડુની ભૂખ હડતાલને મમતા સહિત સમગ્ર વિપક્ષનું સમર્થન

આંધ્ર પ્રદેશને વિશેષ રાજ્યના દરજ્જાની માગ સાથે ચંન્દ્રાબાબુ નાયડુ ભૂખ હડતાલ પર

ન્યુ દિલ્હી

ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશ ભવનમાં ભૂખ હડતાળ શરૂ કરી દીધી છે. તેઓની ભૂખ હડતાળ કેન્દ્ર સરકાર વિરૂદ્ધ છે કેમ કે સરકારે આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો નથી આપ્યો. આંધ્રપ્રદેશનાં મુખ્યમંત્રીએ રાજઘાટ પર જઈને મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી છે. ઉલ્લેખનીય છે કે ટીડીપી રાજ્યનાં ભાગલા બાદ આંધ્રપ્રદેશ સાથે કરવામાં આવેલ અન્યાયનો વિરોધ કરતા ગયા વર્ષે ભાજપની નીતિ એનડીએથી બહાર થઈ ગઈ હતી. નાયડુના આ ધરણાને વિપક્ષી દળોનું પણ સમર્થન મળી રહ્યું છે. ફારુક અબદુલ્લા, મમતા બેનર્જીએ ધરણાંને પોતાનું સમર્થન આપ્યું છે. બીજી તરફ રાહુલ ગાંધી પણ યુ.પી રેલી પૂર્વે ધરણાં સ્થળ પહોંચીને નાયડુને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. ધરણાં પર બેસેલ ચંદ્રબાબુએ જણાવ્યું કે, ×આજે અમે અહીં કેન્દ્ર સરકાર વિરૂદ્ધ વિરોધ કરવા માટે આવ્યાં. ધરણાંથી એક દિવસ પહેલા ગઈ કાલનાં પીએમ આંધ્રપ્રદેશનાં ગુંટૂર પહોંચ્યાં હતાં. જેની જરૂરિયાત તે જ હું માંગી રહ્યો છું. જો આપ અમારી માંગોને પૂર્ણ નથી કરતા તો અમે જાણીએ છીએ કે તેને કેવી રીતે પૂરી કરાવવી. આ આંધ્રપ્રદેશનાં લોકોનાં આત્મસમ્માનની વાત છે. જ્યારે પણ અમારા આત્મસમ્માન પર હુમલો કરવામાં આવશે તેને અમે સહન નહીં કરીએ. હું આ સરકારને ચેતવણી આપું છું અને ખાસ રીતે તો પીએમને જ કે તેઓ વ્યક્તિગત હુમલાઓ બંધ કરે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની

વાપરનારની સુરક્ષા માટે અને વાહન ક્યાં છે તે જાણવા

GPS સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૫૧૦૦/- (+જીએસટી ૧૮%)માં

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

આપના બંધ પડેલ જીપીએસ પણ સ્કીમ અંતર્ગત ચાલુ કરવાનો પ્રયત્ન કરો.

ચૂકવો માત્ર ૫૦૦/- એક વર્ષ માટે

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, મિલાવટ ભ્રષ્ટાચાર જેવા કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટકાવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીના દરમિયાની ખાતીના રૂપિયા કામ મુજબ ચૂકેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીકાવાનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મોબાઈલ આવકમાંથી પૈસામાંથી

(PLAN - A) બાકીના ૧૭૫૦/- (સોટો જોડવી કપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B) બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી કપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ભુજ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી દારૂ તથા

તડીપાર ઈસમને ગેરકાયદેસર પ્રવેશ કરતા ભુજ એલસીબીએ પકડી પાડયો

ભુજ શહેર વિસ્તારના રામકૃષ્ણનરગ કોલોની, તેમજ કેમ્પ એરીયાડી.પી.ચોક વિસ્તારમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂ તથા કચ્છ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવેલ ઈસમને ગેરકાયદેસર પ્રવેશ કરતા પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ-ભુજ





ભુજ કચ્છ:પોલીસ અધિક્ષક એમ.એસ. ભરાડાની સુચનાથી ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસોની અલગ-અલગ ટીમો બનાવી ભુજ શહેર તેમજ મુન્દ્રા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.

પેટ્રોલીગ દરમયાન એક ટીમ રામ કૃષ્ણ નગર કોલોનીમાં વિશ્વેશવર મંદિરની સામે આવેલ રહેણાંકના મકાનમાં વિજય મોહનભાઈ ગૌસ્વામી ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેંચાણ કરે છે તેવી મળેલ સચોટ બાતમી હકીકત આધારે તુરંત જ વર્કઆઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ રડ કરતા આરોપી વિજય મોહનભાઈ ગૌસ્વામી, ઉ.વ.૨૬, રહે.રામકૃષ્ણનગર કોલોની, વિશ્વેશવર મંદિરની બાજુમાં, ભુજવાળાના કબ્જા માંથી ઈમ્પેઅકટ ૩ એકસ રમ ૭૫૦ એમ.એલ.ની પ્લાસ્ટીકની શીલબંધ બોટલ નંગ-૦૨, કિ.રૂા.૭૦૦/- મળી આવેલ તેમજ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન નંગ-૧, કિ.રૂા.૧૦,૦૦૦/- એમ કુલ્લે રૂા.૧૦,૭૦૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

તેમજ ભુજ શહેર વિસ્તરમાં પેટ્રોલીગમાં રહેલ બીજી ટીમને કેમ્પ એરીયામાં ડી.પી.ચોક પાસે આવતા ખાનગી રાહે સચોટ બાતમી હકીકત મળેલ કે, કેમ્પ એરીયામાં ડી.પી.ચોક જેષ્ઠાનગરની બાજુમાં મોહનભાઈ દુકાનવાળાની ગલીમાં રહેતો રીઝવાન રમજુ ઓઢેજા પોતાના કબજાની એકટીવા સ્કુટર જીજે-૧૨-ડીએન-૬૭૦૮ વાળીથી હાલ ગે.કા.રીતે ઈંગ્લીશદારૂનો જથ્થો લઈને પોતાના ઘર બાજુથી નીકળનાર છે.જે મળેલ સચોટ અને ભરોસા લાયક બાતમી હકીકત આધારે તુરંત જ વર્કઆઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ આવી વોચ કરી બાતમી હકીકત વાળી એકટીવા આવતા તેને રોકી ચેક કરતા આરોપી રીઝવાન રમજુ ઓઢેજા, ઉ.વ.૩૩, રહે. ડી.પી.ચોક કેમ્પ એરીયા, જેષ્ઠાનગરની બાજુમાં, મોહનભાઈ દુકાનવાળાની ગલીમાં, ભુજવાળાના કબ્જામાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂની ઓલ્ડ મંગ ૩ એકસ રમની ૭૫૦ એમ.એલ.ની શીલબંધ બોટલો નંગ-૧૨, કિ.રૂા.૪,૨૦૦/- તેમજ દારૂની હેરફેર માટે ઉપયોગમાં લીધેલ એકટીવા મો.સા. કિ.રૂા.૩૦,૦૦૦/- તથા એક મોબાઈલ ફોન કિ.રૂા.૧૦,૦૦૦/- એમ કુલે કિ.રૂા.૪૪,૨૦૦/- ના મુદામાલ સાથે પકડાઈ જતા બંને આરોપીઓ વિરૂધ્ધ ભુજ શહેર બી ડિવિ. પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

તેમજ અન્ય એક ટીમ મુન્દ્રા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી દરમ્યાન મળેલ ખાનગી બાતમી હકીકત આધારે મહે. એસ.ડી.એમ. ભુજના હદપારી હુકમથી તાજેતરમાં કચ્છ, જિલ્લામાંથી તડીપાર કરવામાં આવેલ ઈસમ રામપ્રવેશ લક્ષ્મણ બિહારી (શાહ), ઉ.વ.૩૨, રહે.વિલમાર કંપની પાસે ઓરડીમાં, તા.મુંદરા વાળો હાલ રહે.નાના કપાયા, તા.મુન્દ્રા મુળ રહે. ગામ કંથાર થાના બિલઠન, તા. સીતામઢી, જિ. મુજફરપુર રાજય બિહારવાળો ગે.કા. રીતે અત્રેના જિલ્લામાં પ્રવેશી મળી આવતા તેને પકડી અત્રેના જિલ્લામાં પ્રવેશવા સબંધેની પરવાનગી કે, આજ્ઞાપત્ર હોય તો રજુ કરવા જણાવતા પોતાની પાસે કોઈ પરવાનગી નહી હોવાનું જણાવતા જેના વિરૂધ્ધ જી.પી. એકટ કલમ ૧૪૨ મુજબ મુન્દ્રા પો.સ્ટે. ખાતે સરકાર તરફેથી કાયદેસરની કાર્યવાહી થવા ફરીયાદ દાખલ કરાવવામાં આવેલ છે, અને મજકુર ઈસમને આગળની કાર્યવાહી માટે મુન્દ્રા પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.

મુંદરાના રતડીયા ગામની સીમમાં દારૂ સાથે બે ઈસમોને ભુજ એલસીબીએ પકડી પાડયો



ભુજ કચ્છ: ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એમ.બી. ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના સભ્યો મુન્દ્રા પો.સ્ટે. વિસ્તારમાં નાઈટ પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ક્રોમીની કંપનીના પાછળના ભાગે કુંદરોડી ગામ તરફ જતા રસ્તા પાસે રતાડીયા ગામની સીમમાં મોખા ગામનો રહેવાસી મનીષ નારણ આહિર તેના સાગરીત હિરેન છગનભાઈ છેડા સાથે ગે.કા.રીતે ઈંગ્લીશ દારૂનુ વેંચાણ કરે છે અને આ બંને જણા પોતાના કબ્જાની મહિન્દ્રા કંપનીની જાયલો મોડલની ફોર વ્હીલર કાર રજીસ્ટ્રેશન નં. જ્ત-૦૩-ઝઈ-૧૫૮૫ વાળીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી રતડીયા ગામ તરફ જવાના કાચા રસ્તે નીકળનાર છે, જે મળેલ અત્યંત ભરોસા લાયક બાતમી હકીકત આધારે તુરંત જ વર્ક આઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ આવતા સામેથી એક બાતમી હકીકત વાળી મહિન્દ્રા કંપનીની જાયલો મોડલની કાર આવતા જેને રોકાવી ચેક કરતા ટેમ્પામાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂ પાર્ટી સ્પેશીયલ ડીલક્ષ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલો નંગ-૮૪, કિ.રૂા.૨૯,૪૦૦/- ના પ્રોહિ મુદામાલ તથા દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ મહિનદ્રા મોડલની જાયલો કાર રજીસ્ટ્રેશન નં.GJ-03-CR-1585 વાળાની કિ.રૂા. ૩,૦૦,૦૦૦/- એમ કુલે કિ.રૂા.૩,૨૯,૪૦૦/- નો મુદામાલ પકડી આરોપી (૧)મનીષ નારાણ આહિર, ઉ.વ.૩૮, રહે. ગામ મોખા, શંકર મંદિરની બાજુમાં, તા.મુંદરા તથા નં.(૨) હિરેન છગનભાઈ છેડા, ઉ.વ.૨૯, રહે. ગામ મોખા, જૈન સેનેટરીની બાજુમાં, તા.મુંદરા વાળા વિરૂધ્ધ ધોરણસર થવા મુંદરા પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલ છે.

હળવદ શહેર ભાજપ દ્વારા ફ્રુટ વિતરણ કરાયું



આજે હળવદની સરકારી હોસ્પિટલ ખાતે હળવદ શહેર ભાજપ દ્વારા મહાન રાષ્ટ્રવાદી વિચારક, સાહિત્યકાર અને ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા એવાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનાં નિર્વાણ દિન નીમીતે હળવદ શહેર ભાજપ દ્વારા સરકારી હોસ્પિટલમાં ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારે આજે હળવદ શહેર ભાજપ દ્વારા શહેરના સરકારી હોસ્પિટલ ખાતે ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું આ તકે શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ, મહામંત્રી રમેશભાઈ ભગત, સંદીપભાઈ પટેલ, અશ્વિનભાઈ, મહેશભાઈ મનીષભાઈ, મેહુલભાઈ પટેલ સહિતના કાયકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હળવદમાં વૈદિક ધર્મનાં પ્રચાર અને લોક જાગૃતિનો ભવ્ય કાર્યક્રમ વૃદાવન પાર્ક ખાતે યોજાયો



વૈદિક ધર્મ એટ્લે પ્રાચીનતમ ધર્મ જેનાથી સંસારમા હવનનું મહત્વ ખૂબ જ રહેલું છે જે આપણી વેદીક પરંપરા ને આપણે ભુલીયાતા એની સરૂઆત મહર્ષિ દયાનંદ સરસ્વતી એ લોકોને સનાતન ધર્મ તરફ વાળ્યા હતાં.

સમાજ નાં દરેક નાગરિક જનજીવન જીવે છે જેમા નાના મોટા સુખ પણ આવે અને દુઃખ પણ આવે છે જે અપણે સૌ જાણીએ છીએ એટલાં માટે આપનું તન અને મન શાન્ત વાતાવરણમા આવે એટલાં માટે વેદ પ્રચારનું આયોજન કરવામાં આવ્યુ છે જેથી આપણી પ્રાચિન સંસ્કૃતિ ને ધયાનમાં લઈને સ્વામી દયાનદ સરસ્વતીનાં વિચાર ને ધ્યાનમાં લઈ આચાર્ય નરેશજીઆર્ય પ્રવક્તા એ ખાસ ઉપસ્થિતિ આપી.

આ કાર્યક્રમ મા સોસાયટીનાં રહીશો અને હળવદ શહેરની જાહેર જનતા મોટી સંખ્યામાં આચાર્યનાં પ્રવચનનો લાભ લેવા પધાર્યા હતાં,

આ કાર્ય ક્રમને સફળ બનાવવા વેદ પ્રચાર સમીતી ના મનીષ ભાઈ દવે, રાજેશભાઈ ગાંભવા તેમજ રાજેશ ભાઈ આહીર સહીત ના લોકો ભારે જહેમત ઉઠાવી હતી.

જય ભીમ મેડિકલ યુનિયન દ્વારા યક્ષ ખાતે સમૂહ લગ્નમાં સેવાકીય કામગીરી કરાઈ

ભુજ કચ્છ: જય ભીમ મેડિકલ યુનિયન દ્વારા યક્ષ ખાતે સમૂહ લગ્નમાં સેવાકીય કામગીરી કરવા આવી હતી.

જંગ એ ગુજરાત સાથે વાતચીતમાં ગોવિંદભાઈ વણકરે જણાવ્યું હતું કે યક્ષ ખાતે સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો,જેમાં જય ભીમ મેડિકલ યુનિયન દ્વારા બ્લડ ગ્રુપ ચેક અપનું કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. બ્લડ ગ્રુપ ચેક-અપથી જે ગરીબ વ્યક્તિઓને બ્લડની જરૂર પડતી હોય છે ત્યારે ક્યો કોનો બ્લડ ગ્રૂપ ચેક કરી આપવામાં આવ્યો હતો જેથી પોતાનો બ્લડ ગ્રુપ ક્યો છે તે ખ્યાલ આવે અને જરૂરિયાત મંદ લોકોને પોતાનો બ્લડ ડોનેટ કરી શકે.સાથો સાથ સ્વાઈન ફ્લુનું દિવસેને દિવસે પ્રમાણ વધી રહ્યું છે ત્યારે સ્વાઈન ફ્લૂ માટે આયુર્વેદિક ઉકાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.જય ભીમ મેડિકલ યુનિયનના પ્રમુખે જણાવ્યું હતું કે આ યુનિયનના હોદ્દેદારો દ્વારા જે સેવાકીય કામગીરી કરવામાં આવી તેના બદલ પ્રમુખે ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

જય ભીમ મેડિકલ યુનિયન દ્વારા મેડિકલ ક્ષેત્રની સેવાકીય કામગીરી આવી હતી.આ સેવાકિય કામગીરીને સમાજના લોકોએ વખોડી કાઢી હતી.આ સેવાકીય કામગીરી ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



ધો.-૧૦ની ગણિતની પરીક્ષા બે લેવલમાં લેવાશે, વિદ્યાર્થીઓને મનગમતું પેપર મળશે

અમદાવાદ

સોમવારે માધ્યમિક, ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠક મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૦થી ધો.૧૦ની પરીક્ષામાં બે લેવલના પેપર લેવા નિર્ણય કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા પણ સીબીએસસી પેટર્ન મુજબ ગણિતની પરીક્ષા લેવા આયોજન કરવામાં આવ્યું છે.

સોમવારની માધ્યમિક, ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની વાત કરીએ તો આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૦થી ધોરણ-૧૦ની પરીક્ષામા શૈક્ષણિક બોર્ડ ગણિતના બે લેવલના પેપર કાઢશે. જે સીબીએસસી પેટર્ન મુજબ ગણીતની પરીક્ષા લેવા આયોજન કરવામાં આવશે. ધોરણ-૧૦નું ગણિતના પેપરમાં મેથેમેટીક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટીક્સ બેઝીક એમ બે લેવલના પેપર હશે.

ધોરણ ૧૦ પછી ગણિત વિષય સાથે ઉચ્ચ અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓ ગણિત સ્ટાન્ડર્ડ લેવલ જ્યારે ધોરણ-૧૦ પછી ગણિત નહી રાખવા માગતા વિદ્યાર્થીઓ માટે ગણિત બેઝીક લેવલ પશ્નપત્ર તૈયાર કરવા પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. એવું કહેવાય છે કે વિદ્યાર્થીઓમાં ગણિત વિષયનો ભય અને તણાવ દુર કરવા બોર્ડે આ નિર્ણય લીધો છે. આ નિર્ણય બોર્ડના તમામ સભ્યોએ સહસહમતિથી સામાન્ય સભામાં પ્રસ્તાવ પાસ કર્યો હતો. તેવી રીતે ગણિત વિષયના બે અલગ અલગ પાઠ્યપુસ્તકો પણ તૈયાર કરી અમલ કરવા વિચારણા કરવામાં આવી છે.

આઈસર ગાડીમાં સવાર જાનૈયાઓને નડ્યો અકસ્માત, ૨૪ ઈજાગ્રસ્ત

સુરેન્દ્રનગર

હાલ લગ્નની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે. તેની સાથે જ અકસ્માતોની સંખ્યામાં પણ એટલો જ વધારો થયો છે. રવિવારે મહીસાગરના વીરપુર હાઈવે પર જાનૈયા ભરેલો ટ્રક પલટી ગયો હતો. આવો એક બનાવ સોમવારે વહેલી સવારે વિરગામથી હળવદ વચ્ચે બન્યો છે. જેમાં ૨૪ લોકોને ગંભીર ઈજા પહોંચી છે.

મળતી માહિતી પ્રમાણે વિરમગામથી હળવદ જઈ રહેલી એક જાનને પરોઢે મજીઠી પાસે અકસ્માત નડ્યો હતો. લગ્ન માટે જાનૈયાઓ આઈસર ગાડીમાં સવાર થઈને હળવદ જઈ રહ્યા હતા. આ દરમિયાન આઈસર ટ્રક આગળ જઈ રહેલા અન્ય એક ટ્રક સાથે અથડાયો હતો. અકસ્માતને કારણે આઈસરમાં સવાર ૨૪ લોકોને ગંભીર ઈજા થઈ હોવાનું માલુમ પડ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વિરમગામ ખસેડવામાં આવ્યા છે.

રૂ. ૩ કરોડથી વધુની જૂની ચલણી નોટો સાથે ચારની ધરપકડ

નવસારી

મોદી સરકાર દ્વારા રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની ભારતીય ચલણી નોટોને ચલણમાંથી બહાર કાઢવામાં આવી હતી. જેને આશરે બે વર્ષ થઈ ગયા છે. આમ છતાં છાસવારે જૂની ચલણી નોટો પકડાવાના કિસ્સાઓ બનતા રહે છે. નવસારીમાંથી મોડી રાત્રે ત્રણ કરોડથી વધારે ચલણી નોટો નવસારી લોકલ કાઈમ બ્રાન્ચે ઝડપી પાડી હતી. આ સાથે કાર સહિત ચાર લોકોની પણ અટકાયત કરીને વધુ પૂછપરછ હાથધરી હતી.

મળતી માહિતી પ્રમાણે નવસારી જિલ્લાના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર વલસાડ અને નવસારી જિલ્લા વચ્ચે ઊંડાચ ગામ આવેલું છે. જ્યાં હાઈવે ઉપરથી કરોડો રૂપિયાની જૂની ચલણી નોટો ભરીને મહારાષ્ટ્ર પાર્સિંગની એક કાર પસાર થવાની બાતમી હતી.

નવસારી લોકલ કાઈમ બ્રાન્ચના પીઆઈ અને તેમની ટીમે હાઈવે ઉપર વોચ ગોઠવી હતી. અને ચોક્કસ કાર પસાર થતાં તેને રોકવામાં આવી હતી. જેની તપાસ કરતા કારમાંથી કરોડો રૂપિયાની જૂની ચલણી નોટોનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે જૂની નોટો અને કારને જપ્ત કરી ચાર લોકોની અટકાત કરી હતી. ત્યારબાદ તમામને વધુતપાસ માટે નવસારી લોકલ કાઈમ બ્રાન્ચ ખાલે લઈ જવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાંજ નવસારી જિલ્લા પોલીસ વડાએ પણ આ બાબતને ગંભીરતાથી લઈને કડક અને ઊંડી તપાસ કરવાના આદેશ આપ્યા છે. આ લોકો આ નોટોનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાના હતા અને નોટબંધીના આટલા વર્ષો બાદ પણ આટલા મોટા પ્રમાણમાં જથ્થો ક્યાં મૂક્યો હતો આ તમામ બાબતોની નવસવારી લોકલ કાઈમ બ્રાન્ચ તપાસ કરશે.

ગુર્જર આંદોલનની આગ વધુ ફેલાઈ સતત ચોથા દિવસે નેશનલ હાઈવે જામ

જયપુર

રાજસ્થાનમાં ૫% અનામતની માંગણીને લઈને ગુર્જર સમાજનું ઉગ્ર આંદોલન ચોથા દિવસે પણ યથાવત છે. આંદોલનકારીઓએ સિકંદરા પાસે આગરા નેશનલ હાઈવે જામ કર્યો હતો. પરિણામે આ માર્ગની બસ સેવા અને ટ્રેન સેવા પ્રભાવિત થઈ હતી. ઉલ્લેખનીય છે કે મલારના ડુંગરની પાસે આંદોલનકારી રેલવે ટ્રેક પર બેઠા છે. બીજી બાજુ ધૌલપુરમાં કલમ-૧૪૪ અત્યાર સુધી લાગુ કરવામાં આવી છે. રવિવારે આંદોલનકારીઓએ પોલીસ પર પથ્થરો પણ ફેંક્યા હતા. પ્રાઈવેટ ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતુ જેમાં ૧૨થી વધુ લોકો ઘાયલ થયા હતા. ભરતપુર અને અજમેર જિલ્લાઓ આંદોલનથી વધારે પ્રભાવિત થયા છે. આંદોલનકારીઓ રોડવેઝની બસોને વધારે નુકશાન ન કરે તે માટે ઉત્તરપ્રદેશથી આવનારી બસોને રોકી દેવામાં આવી હતી. કેટલીક બસોને દૌસા સુધી જ ચલાવવામાં આવી હતી. સિંધી કેમ્પમાં ૧૨ બસને રોકવામાં આવી હતી.ધૌલપુરની પાસે પણ ભૂતેશ્વર પુલને જામ કરી દેવાયો હતો જે અધિકારીઓની સમજાટથી ખુલ્લો મુકાયો હતો. ૫ ટ્રેન પણ રદ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશ મધ્યપ્રદેશથી વધારાના સુરક્ષાના દળોને બોલાવામાં આવ્યા છે. ગુર્જર અનામત આંદોલન સંઘર્ષ સમિતિના પ્રદેશ ઉપાધ્યક્ષ ભૂરા ભગતે કહ્યું કે, સરકારનું પ્રતિનિધિમંડળ સકારાત્મક જવાબ આપવાની વાત કરીને ગયું હતું પરંતુ હજુ સુધી આ દિશામાં કોઈ પ્રગતિ થઈ નથી.

પ.બંગાળમાં ભાજપ સ્કૂલની બોર્ડ પરીક્ષાઓ સુધી લાઉડસ્પીકર-માઈક વગાડી શકશે નહિ

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળમાં ભાજપ સ્કૂલની બોર્ડ પરીક્ષાઓ સુધી લાઉડસ્પીકર અને માઈક વગાડી શકશે નહીં. સુપ્રીમ કોર્ટે પ્રદેશ ભાજપની અરજી ફગાવી દીધી છે. ભાજપ પશ્ચિમ બંગાળમાં રહેણાંક વિસ્તારોમાં માઈક અને લાઉડસ્પીકરના ઉપયોગ પર રોક હટાવવાની માગ કરી હતી. રાજ્ય સરકારે બોર્ડની પરીક્ષાઓ દરમિયાન રાજ્યમાં માઈક અને લાઉડસ્પીકરના ઉપયોગ પર રોક લગાવવાનો આદેશ જાહેર કર્યો છે. જેને પ્રદેશ ભાજપે સુપ્રીમ કોર્ટમાં પડકાર આપ્યો હતો. અરજી ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની બેંચે ફગાવી છે. કોલકાતા પ્રદેશ ભાજપની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, સ્કૂલોમાં બોર્ડની પરીક્ષાના બહાને માર્ચ મહિનાના અંત સુધી પશ્ચિમ બંગાળ દરેક વિસ્તારમાં માઈક અને લાઉડસ્પીકર વગાડવાના રોક લગાવવા સંબંધે રાજ્ય સરકારની સૂચના ખોટી છે. જે રાજકીય પ્રેરિત છે. હકિકતમાં રાજ્ય સરકારે સૂચના જાહેર કરી છે, જેમાં સ્કૂલોમાં બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખી રાજ્યમાં ક્યાંય પણ કોઈપણ પ્રકારે માઈક અને લાઉડસ્પીકર વગાડવા પર રોક લગાવી છે. ભાજપનું કહેવું છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અવાજના ધોરણો અનુસાર એક નક્કી સીમા સુધી માઈક અને લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી હોય છે પરંતુ આ ૯૦ દશાંશથી ઓછા અવાજમાં માઈક લગાડવાની પરવાનગી આપવાની જગ્યાએ એક સાથે સમગ્ર રાજ્યમાં કોઈ પણ પ્રકારે માઈક અને લાઉડસ્પીકર વગાડવા પર રોક પશ્ચિમ બંગાળ સરકારનો રાજકીય સ્ટ્રેટેજી પ્રેરિત નિર્ણય છે.

રાફેલ અંગેનો કેગ રિપોર્ટ રાષ્ટ્રપતિ પાસે મોકલાયોઃ આજે સંસદમાં રજુ થશે

ન્યુ દિલ્હી

રાફેલ યુદ્ધ વિમાન ડીલમાં કથિત અનિયમિતતાઓ પર કોંગ્રેસ પાર્ટીના આરોપો વચ્ચે CAGએ પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિની મોકલી આપ્યો છે. કોંગ્રેસ સહિતના અનેક રાજકીય પક્ષો રાફેલ ડીલને લઈને મોદી સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યાં છે. આ રિપોર્ટને આવતી કાલે સંસદમાં પણ રજુ કરવામાં આવી શકે છે.

ઋષ્યએ પોતાના રિપોર્ટની એક કોપી રાષ્ટ્રપતિ પાસે અને બીજી કોપી નાણાં મંત્રાલયને મોકલી આપી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઋષ્યએ રાફેલ મુદ્દે ૧૨ ચેપ્ટર જેટલો લાંબો લચક રિપોર્ટ તૈયાર કર્યો છે. થોડા સમય પહેલા જ સંરક્ષણ મંત્રાલયે રાફેલ પર વિસ્તૃત જવાબ અને સંબંધિત અહેવાલ ઋષ્યને સોંપ્યો હતો. આ રિપોર્ટમાં ખરીદીની પ્રક્રિયાની મહત્વની જાણકારી સાથે ૩૬ રાફેલની કિંમત પણ જણાવી હતી.

CAGનો આ અહેવાલ લાંબો છે, જેને પ્રોટોકોલ અંતર્ગત સૌથી પહેલા રાષ્ટ્રપતિ પાસે મોકલી આપવામાં આવ્યો છે. હવે રાષ્ટ્રપતિ ભવન તરફથી CAG રિપોર્ટ લોકસભા સ્પીકરની ઓફિસ અને રાજ્યસભાના ચેરમેનની ઓફિસને મોકલવામાં આવશે. બજેટ સત્ર બુધવારે સમાપ્ત થવા જઈ રહ્યું છે. માટે માનવામાં આવે છે કે, આવતી કાલે અથવા બુધવારે રાફેલ મામલે કેગનો રિપોર્ટ લોકસભા અને રાજ્યસભામાં રજુ કરવામાં આવી શકે છે.

સીએમ સ્વામીના કહેવા પર તત્કાલ આ રૂપિયા પાછા આપ્યા

ભાજપે મને પાંચ કરોડની ઓફર આપીઃ જેડીએસ ધારાસભ્યનો દાવો

બેંગ્લુરુ

કર્ણાટકના મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીના બીજેપી પ્રદેશ અધ્યક્ષ બીએસપી યેદીયુરપ્પાના અવાજવાળી કથિત ઓડિયો ક્લિપ ટેપના રિલીઝના એક દિવસ બાદ જેડીએસના એક ધારાસભ્યએ મોટો દાવો કર્યો છે. જેડીએસના ધારાસભ્ય શ્રીનિવાસ ગૌડાનો આરોપ છે કે, તેમને પાર્ટી બદલવા માટે બીજેપી તરફથી ૫ કરોડ રૂપિયાની ઓફર આપવામાં આવી છે. પરંતુ, સીએમ કુમાર સ્વામીના કહેવા પર તેમણે તત્કાલ આ રૂપિયા પાછા આપી દીધા.

આ પહેલા કુમાર સ્વામીએ આરોપ લગાવ્યો હતો કે, બીજેપી નેતા બીએસપી યેદીયુરપ્પા હજુ પણ ધારાસભ્યોની ખરીદીમાં લાગેલા છે. તેમણે પોતાના દાવાને સાચો સાબિત કરવા માટે એક ઓડિયો ક્લિપ પણ જાહેર કરી છે. તેમાં યેદીયુરપ્પા કથિત રૂપે જેડીએસના ધારાસભ્યને ૨૫ લાખ રૂપિયા અને મંત્રી પદ આપવાની ઓફર કરી રહ્યા છે.

કોલારથી જેડીએસ એમએલએ શ્રીનિવાસ ગૌડાએ આરોપ લગાવ્યો છે કે, બીજેપી નેતા, ધારાસભ્ય અશ્વતનારાયણ, સીપી યોગેશ્વર અને વિશ્વનાથે તેમને કુલ ૩૦ કરોડની લાલચ આપી હતી. ધારાસભ્યનો દાવો છે કે, એડવાન્સ તરીકે ૫ કરોડ રૂપિયા પણ મળી ચુક્યા છે. શરત હતી કે, જ્યારે તે બીજેપીમાં સામેલ થશે, ત્યારે બાકીના પૈસા પણ મળી જશે. સીએમ કુમારસ્વામીની સલાહ પર ધારાસભ્યએ પૂર્વ ડેપ્યુટી સીએમ આર અશોક દ્વારા ૫ કરોડ રૂપિયા પાછા આપ્યા. શ્રીનિવાસનું કહેવું છે કે, આ રકમ લગભગ બે મહિના પહેલા આપવામાં આવી હતી. ત્યારથી બીજેપી નેતા પાર્ટી બદલવા માટે તેમના પર દબાણ કરી રહ્યા હતા.









તંત્રી સ્થાનેથી...

રાહુલ સામે નવા પડકાર

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની લોકપ્રિયતામાં હાલના સમયમાં અવિરત વધારો થઇ રહ્યો છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતામાં ધીમી ગતિથી ઘટાડો થઇ રહ્યો છે. આના માટે કેટલાક કારણો રહેલા છે. રાહુલ ગાંધીની લોકપ્રિયતા વધવા માટેના કારણોમાં મુખ્ય કારણ એછે કે રાહુલ એકબાજુ બેરોજગારી, રાફેલ, નોટબંધી અને જીએસટીને લઇને લોકોને થયેલી તકલીફોના મુદ્દા સતત ઉઠાવીને સીધી રીતે મોદી પર પ્રહારો કરી રહ્યા છે. દિન પ્રતિદિન તમામ મંચ પર વધુ આક્રમક નિવેદન કરીને મોદી પર પ્રહારો કરવાના કારણે તેમની લોકપ્રિયતા વધી છે. લોકોનુ ધ્યાન તેમના મુદ્દા પર ખેંચાયુ છે. બીજી બાજુ રાહુલ હવે હિન્દુ હિતલક્ષી તેમની પાર્ટી હોવાની બાબત સાબિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. મોંઘવારીનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. મોદીની લોકપ્રિયતા ઘટવા માટેના કારણ એ છે કે એક બાજુ પેટ્રોલ ડીઝલની કિંમતમાં અવિરત વધારો થઇ રહ્યો હોવા છતાં સરકાર મોટા ભાગે ઉદાસીન દેખાઇ રહી છે. આંતરરાષ્ટ્રીય પરિબળોને ગણાવીને હાથ ઉંચા કરી રહી છે. સાથે સાથે બેરોજગારીને ઘટાડી દેવા માટેના નક્કર પગલાની વાત સરકાર દ્વારા કરવામાં આવી રહી નથી. કેટલાક સંવેદનશીલ મુદ્દા પર તેમનુ મૌન દેખાઇ રહ્યુ છે. રાહુલ પણ હાલમાં રાજકીય મોરચે ખુબ મહેનત કરી રહ્યા છે. જેની અસર પણ દેખાઇ છે. કારણ કે હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં ભાજપ પાસેથી સત્તા આંચકી લેવામાં સફળ રહી છે. તે પહેલા કર્ણાટકમાં તેમની મહેનત પણ દેખાઇ હતી. તેમના આક્રમક પ્રચારના કારણે પાર્ટી ૭૭ જેટલી સીટ જીતી શકી હતી. સૌથી મોટી પાર્ટી તરીકે કોંગ્રેસ ઉભરી ન હતી અને બહુમતિ મળી ન હતી છતાં તે જેડીએસની સાથે મળીને સરકાર ટકાવી રાખવામાં સફળ રહી હતી. તેમની કુશળતા પણ હવે વધી છે. ભારતની સૌથી મોટી અને સૌથી જુની પાર્ટીના વડા રાહુલ હાલમાં આ પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે દિન રાત એક કરી રહ્યા છે. કોઇ સમય દેશના મોટા ભાગના રાજ્યોમાં શાસન કરનાર કોંગ્રેસ પાર્ટીની હાલના સમયમાં એક પછી એક રાજ્યમાં કારમી હાર થઇ હતી. જો કે આ પ્રવાહ પર રાહુલ ગાંધી બ્રેક મુકી શક્યા છે. હાલમાં ત્રણ રાજ્યોમાં પાર્ટીને જીત અપાવવામાં રાહુલ સફળ સાબિત થઇ ગયા બાદ તેમની કુશળતાની નોંધ લેવામાં આવી ચુકી છે. સોનિયા ગાંધી અને ત્યારબાદ શરૂઆતના સમયમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં પણ પાર્ટીની કારમી હાર થઇ હતી. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની લહેર બાદથી કોંગ્રેસ પાર્ટીની હાલત ખુબ કફોડી બની હતી. જો કે હવે પાર્ટીની સ્થિતીમાં સુધારો થઇ રહ્યો છે. ત્રણ હિન્દી પટ્ટા રાજ્યોમાં હાલમાં પાર્ટીની જીત મોટા સંકેત તરીકે છે. ૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપે ઇતિહાસ સર્જીને જીત મેળવી લીધા બાદ મોદીની લહેર વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ એક પછી એક રાજ્યમાં સત્તા ગુમાવી દીધી હતી. જો કે હવે પાર્ટીની સ્થિતી સુધરી છે. કોંગ્રેસના હાથમાં ગણતરીના રાજ્યો રહ્યા બાદ હવે તેની સ્થિતી ફરી એકવાર મજબુત બની રહી છે.

ત્રણ રાજ્યોમાં સત્તા આંચકી લીધા બાદ રાહુલ -કોંગ્રેસના લોકો આશાવાદી બન્યા

એકબીજાના વિરોધી સાથે કેમ

લોકસભાની ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે દરેક પાર્ટી પોત પોતાની વ્યુહરચના તૈયાર કરવામાં લાગેલી છે. આવી સ્થિતીમાં નાના નાના રાજકીય પક્ષોના નેતાઓ પણ પોતાની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે. એકબાજુ નાના પક્ષો વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઇને પોતાની સ્થિતી વધારે મજબુત કરવાના પ્રયાસમાં નિર્ણય કરી રહ્યા છે. જ્યારે મોટા વિરોધ પક્ષો વધારે વિસ્તૃત રણનિતી તૈયાર કરવામાં લાગે છે. ઉત્તરપ્રદેશમાં માયાવતી અને અખિલેશ જે વર્ષોથી એકબીજાના દુશ્મન પાર્ટીના લોકો છે તે આજે સાથે આવી ગયા છે. આવી જ રીતે કોઇ સમય કોંગ્રેસને ગાળો આપનાર અરવિન્દ કેજરીવાલ પણ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવામાં લાગેલા છે. એકબીજાને જોવાનુ પણ પસંદ ન કરનાર વિરોધીઓ એક મંચ પર જોવા મળી રહ્યા છે. દેશના લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઇ રહ્યા છે. કોંગ્રેસને ગાળો આપનાર ચન્દ્રબાબુ નાયડુ આજે એક ભ્રષ્ટ અધિકારીને બચાવવા માટે ધરણા કરી રહ્યા છે. આ તમામ બાબતો દર્શાવે છે કે તેમની સૌથી મોટી સમસ્યા હવે તેમના અસ્તિત્વની ઉભી થઇ છે. આજ કારણસર સાથે મળીને વિરોધીઓ લડવાની યોજના બનાવી રહ્યા છે. જે વિરોધ પક્ષના નેતાઓ મંચ પર છે તે પૈકી મોટા ભાગના નેતાઓની સામે કોઇને કોઇ મામલામાં તપાસ પણ ચાલી રહી છે. જેથી પોતાના બચાવવા માટે પણ સત્તા મેળવી લેવા એકત્રિત થઇ રહ્યા છે.અમે સારી રીતે સમજી શકીએ છીએ કે આ નેતાઓની મજબુરી રહેલી છે. પરંતુ પ્રજાની કોઇ મજબુરી નથી. પ્રજા સારી રીતે જોઇ રહી કે કઇ રીતે આજ સુધી કોઇ ભ્રષ્ટ નેતાને હજુ સુધી સજા થઇ નથી.

ચોકીદાર ચોર હે કહીને તમામ લોકો મજબુરીમાં એકત્રિત થયા...

મોદી સરકાર ફરીવાર કેમ બને

આપણે સારી રીતે જાણીએ છીએ કે જ્યારે પુર આવે છે ત્યારે ડુબી જવાથી બચવા માટે ઉંદરો, સાંપ અને અન્ય જીવ જન્તુ પણ જે તક મળે છે તે તક ઝડપી લે છે. નજીકના કોઇ વૃક્ષ કે અન્ય સહાયક કોઇ ચીજને પકડી લે છે. કહેવત છે કે મરનાર વ્યક્તિ શુ કરતી નથી. આજે આવી જ સ્થિતી દેશના રાજકારણમાં જોઇ શકે છે. થોડાક દિવસ પહેલા પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીના આવાસ પર નેતાઓની ભીડ જામી હતી. જેમાં મોટા ભાગના એવા લોકો હતા તેમની સામે કોઇને કોઇ પ્રકારનીી તપાસ ચાલી રહી છે. કોઇને કોઇ પ્રકારની તપાસ હેઠળ તેમને કાયદાકીય ચક્કર લગાવવા પડી રહ્યા છે. જો ઇતિહાસ પર નજર કરવામાં આવે તો આમાંથી મોટા ભાગના લીડરો એવા હતા જે વિતેલા વર્ષોમાં કોંગ્રેસ પાર્ટીની સામે લડત ચલાવતા હતા. આ લોકો કોંગ્રેસની સામે લડત ચલાવીને પોત પોતાના વિસ્તારમાં સત્તામાં આવ્યા હતા. આજે જ્યારે કેન્દ્રમાં એક ઇમાનદાર સરકારનો અનુભવ લોકો કરી રહ્યા છે અને એકપક્ષી એક સારા નિર્ણય કરવામાં આવી રહ્યા છે ત્યારે એકબીજાને સતત હજુ સુધી ગાળો આપવાનુ કામ કરનાર એક મંચ પર ભેગા થઇ રહ્યા છે. જ્યારે ઇમાનદાર સરકાર આ પ્રકારના ભેગા થયેલા લોકોના કામના હિસાબો માંગી રહી છે ત્યારે આ તમામ ચોકીદાર ચોર હે તેમ કહીને જોરશોરથી નારા લગાવી રહી છે. તમામ લોકો એક મંચ પર નાટ્યાત્મક રીતે ભેગો થઇ રહ્યા છે. નિષ્ણાંતો અને સામાન્ય લોકો સારી રીતે જાણે છે કે દેશના તમામ લોકોને એક સાથે સંતુષ્ટ કરવાની બાબત સરળ નથી. કેટલાક મુદ્દાને લઇને પ્રજામાં નારાજગી હોઇ શકે છે. પરંતુ પ્રજા આજે વિપક્ષ પાસેથી કોઇ પણ પ્રકારની અપેક્ષા રાખી શકે છે. મોદી હટાવો ઝુંબેશમાં લાગેલા તમામ નેતાઓ વિતેલા વર્ષોમાં એકબીજા સામે લડતા રહ્યા છે. તેમને ગાળો આપતા રહ્યા છે. આજે જુદા જુદા કારણોસર અને કેટલીક



મોદી સરકારને લઇને લોકોની નારાજગી કેટલાક મુદ્દા પર હોઇ શકે છે પરંતુ શુ જનતા વિપક્ષ પાસેથી કોઇ અપેક્ષા રાખી શકે છે ?

મજબુરીના કારણે બધા એક મંચ પર આવી રહ્યા છે અને મોદીને દુર કરવા માટે બુમાબુમ કરી રહ્યા છે. તમામ લોકો સારી રીતે સમજી શકે છે કે છેલ્લા સાઢા ચાર વર્ષના ગાળામાં ભારતની પ્રતિષ્ઠા વિશ્વના દેશોમાં સુધરી છે. આજે વિશ્વમાં ભારતની નોંધ લેવામાં આવી છે. કેવા સાહસી નિર્ણય કરવામાં આવી રહ્યા છે. દેશની પ્રજા આજે આ બાબત પણ સમજી રહી છે કે દેશના હિતમાં કોઇ નિર્ણય કરવાની ક્ષમતા આવી રહી છે તો તે ભાજપ પાસે દેખાઇ રહી છે. કેટલાક સારા કામ દેશહિતમાં થઇ શકે છે તો તે માત્ર ભારતીય જનતા પાર્ટી સરકાર કરી શકે છે. જે કામ થઇ શક્યા ન હતા તે કામોને આજે મોદી સરકાર આગળ વધારી શકી છે. કોઇએ પહેલા કલ્પના કરી ન હશે કે લાલુ યાદવ, છગન ભુજબુલ, સજ્જન કુમાર અને અન્ય દોષિતોને સજા કરવામાં આવશે. ભારતને ક્યારેક બનાના રિપબ્લિક કહેનાર રોબર્ટ વાઢેરાની પુછપરછ પણ તપાસ સંસ્થા દ્વારા હવે કરવામાં આવી રહ છે. દેશને લુંટી લેનાર લોકોના પર્દાફાશ થઇ રહ્યા છે. બંગાળમાં શારદા ચિટ ફંડ મામલામાં જે વ્યક્તિ પુરાવાને નષ્ટ કરવાના આરોપોનો સામનો કરી રહ્યા છે તે વ્યક્તિને બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી મદદ કરી રહ્યા છે. કોઇએ એવુ માન્યુ ન હશે કે દુનિયામાં એફડીઆઇના મામલે ભારત સરતાજ બની જશે. સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં ભારત આજે તેજ ગતિથી આગળ વધતા દુનિયાના દેશો હેરાન છે. વિશ્વમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. કોઇએ એવુ વિચાર્યુ હતુ કે ભારતમાં પોન પર વાતચીત મફત પણ થઇ શકે છે. ત્રણ રૂપિયામાં એક જીબી મોબાઇલ ડેટા મળશે તેવી વિચારણા પણ કોઇએ કરી હતી. ક્યારે કોઇએ વિચાર્યુ હતુ કે સવર્ણ વર્ગના ગરીબ લોકોને પણ ૧૦ ટકા અનામત મળી શકે છે. તેમની પિડા આજે સાંભળી લેવામાં આવી છે. એક પછી એક દેશ હિતમાં અનેક સાહસી નિર્ણય કરવામાં આવી રહ્યા છે. નોટબંધી અને જીએસટી જેવા મોટા આર્થિક સુધારા હાથ દરવામાં આવ્યા હતા. કોઇએ વિચાર્યુ હતુ કે ખેડુતોને પણ વેતન મળી શકે છે. ભારતમાં હાઇ સ્પીડ ટ્રેન ચાલી શકે છે અને બુલેટ ટ્રેનના સપના પણ જોઇ શકાય છે. દેશના તમામ લોકોના બેંક ખાતા હશે તેવુ પણ ક્યારેય કોઇએ વિચાર્યુ ન હતુ. આજે સૌર ઉર્જા અને મોબાઇલ નિર્માણના મામલે ભારત આજે વિશ્વમાં બીજા નંબર પર છે. સબસિડીના પૈસા બેંક ખાતામાં આજે સીધી રીતે આવી રહ્યા છે. તમામ પેમેન્ટ થોડીક મિનિટોમાં જ ખાતામાં આવી જશે તેવી કોઇએ કલ્પના પણ કરી ન હશે. આ તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય છે કે દેશની પ્રજા સમક્ષ બીજા કોઇ વિકલ્પ નથી. જેથી બંને હાથ ઉપર કરીને પૂર્ણ તાકાત સાથે ભારત માતાની જય બોલવાની જરૂર છે. ફરી એકવાર મોદી સરકાર રહે તે દિશામાં આગળ વધવાની જરૂર છે.

આવી કમનસીબ સ્થિતીને ઝેલવા માટે દેશ મજબુર કેમ છે તે પ્રશ્ન

વિરોધ પક્ષો ચીટ ફંડ સાથે ઉભા છે

શારદા ચીટ ફંડને લઇને ફરી એકવાર ચર્ચા છેડાઇ ગઇ છે. જે રીતે આ મામલે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તપાસ કરી રહેલી સીબીઆઇની ટીમ પહોંચી ત્યારે બંગાળમાં તેના અધિકારીઓની અટકાયત કરી લેવામાં આવી તેનાથી દેશના લોકો પણ હચમચી ઉઠ્યા હતા. આને લઇને ત્યારબાદ રાજકીય સંગ્રામની સ્થિતી જોવા મળી રહી છે. આને લઇને રાજકીય ગરમી વધતા હવે ચિટ ફંડ સાથે દેશના તમામ વિરોધ પક્ષો ઉભા છે જે કમનસીબ બાબત દેખાઇ રહી છે. પ્રશ્ન એ છે કે આજે સમગ્ર વિપક્ષ શારદા ચિટ ફંડ કોંભાડના આરોપીને બચાવી લેવાના પ્રયાસ કરી રહેલા મુખ્યપ્રધાનની સાથે વિપક્ષ કેમ છે. સમગ્ર વિપક્ષ શારદા ચિટ કોંભાંડના આરોપી એવી શારદા ચિટ ફંડ કંપનીની સાથે દેખાઇ રહ્યુ છે. બંગાળના લોકોની સાથે ઠગાઇ કરનાર અને પ્રથમ દ્રષ્ટિએ આરોપી રહેલા લોકોની સાથે બંગાળ સરકાર ઉભી છે. તેમની સાથે વિરોધ પક્ષના નેતાઓ પણ ઉભા છે જે શરમજનક બાબત છે. બંગાળના ૨૦ લાખ સામાન્ય લોકો સાથે ૨૦ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપી કંપની સાથે કમીશનર રાજીવ કુમાર પોતે કેમ ઉભા છે તે પણ પ્રશ્ન છે. કેટલાક લોકો કહે છે કે તેમને



રાજીવ કુમાર એસઆઇટીના પ્રમુખ હતા ત્યારે કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો ગાયબ થઇ ગયા : દસ્તાવેજોમાં અનેક લોકોના નામની શંકા છે

પણ કેટલાક લાભ મળ્યા હતા. જેના કારણે બચાવમાં ઉતરેલા છે. રાજીવ કુમાર તો તેમને કેટલાક લાભ મળ્યા હોવાના આક્ષેપ વચ્ચે ઉભા છે પરંતુ વિરોધ પક્ષો શારદા ચિટ ફંડની સાથે કેમ છે તે પ્રશ્ન તમામને થાય તે સ્વાભાવિક છે. બંગાળમાં મમતા બેનર્જીની શરણમાં પળી રહેલી કંપનીએ છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં જાહેર રીતે મમતા બેનર્જીની કેટલીક જવાબદારી સંભાળી હતી. સાથે સાથે જંગી રકમની ચુકવણી કરવામાં આવી હતી. ગરીબ જનતા શિકાર થયા બાદ કોંભાડમાં તપાસ કરવા માટે સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી હતી. આ ટીમની જવાબદારી હાલના રાજીવ કુમારને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન આ સંવેદનશીલ મામલાના દસ્તાવેજો જ ગુમ થઇ ગયા હતા. આખરે ભારે હોબાળો થયા બાદ આ મામલે તપાસ સીબીઆઇને સોંપવામાં આવી હતી. ત્યારબાદ સીબીઆઇએ જુદા જુદા એંગલથી તપાસ હાથ ધરી હતી. કોલકત્તાના હાલના પોલીસ કમીશનર રાજીવ કુમારને તપાસમાં સહકાર કરવા માટે અનેક વખત સમન્સ જારી કરવામાં આવ્યા હતા પરંતુ તેઓ સહકાર કરવા માટે આગળ આવ્યા ન હતા. આખરે સીબીઆઇની ટીમ કોલકત્તામાં પહોંચી ત્યારે તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યુ હતુ. સીબીઆઇના અધિકારીઓની અટકાયત કરી લેવામાં આવી હતી. મુખ્યપ્રધાન મમતા બેનર્જી પોતે ભ્રષ્ટ અધિકારીઓને બચાવવા માટે ધરણા પર ઉતરી આવ્યા હતા. સાથે સાથે સીબીઆઇના વર્તનની ટિકા કરી હતી. આખરે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયા બાદ મમતા બેનર્જીને ફટકો પડ્યો હતો. તપાસમાં સહકાર કરવા માટે રાજીવ કુમારને આદેશ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે હવે તેમની શિલોંગમાં પુછપરછ કરવામાં આવી રહી છે. કેટલીક મોટી બાબતોનો ખુલાસો થઇ શકે છે. મામલામાં ખેંચતાણ વચ્ચે તમામ મોદી વિરોધ પર ઉતરી આવ્યા હતા. શારદા મામલે વિરોધ પક્ષો સાથે કેમ છે તે મોટો પ્રશ્ન છે. વિરોધ પક્ષોને આ મામલામાં તપાસ થાય તેમાં વાંધો શુ છે. મમતા બેનર્જીની સાથે કેમ છે. હાલમાં વિરોધ પક્ષો ભ્રષ્ટાચારના મામલે એકબીજાને સાથ આપી રહ્યા હોય તેમ લાગે છે. મમતા બેનર્જીને શારદા ચિટ ફંડ મામલે ધરણા બદલ કોંગ્રેસનુ સમર્થન મળ્યા બાદ મમતા બેનર્જીએ પણ તરત જ મની લોન્ડરિંગના ગંભીર આરોપોનો સામનો કરી રહેલા રોબર્ટ વાઢેરાના મામલે કોંગ્રેસનો સાથ આપવાની વાત કરી. મમતાએ કહ્યુ હતુ કે તેઓ ઇડી દ્વારા વાઢેરાની પુછપરછનો વિરોધ કરે છે. મમતા બેનર્જી દ્વારા હાલમાં દેશમાં એક ખતરનાક સ્થિતી ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. માયાવતી, તેજસ્વી યાદવ, ચન્દ્રાબાબુ નાયડુ સહિતના મોટા ક્ષેત્રીય પક્ષોના નેતા મમતાની સાથે ઉભા છે જે અનેક પ્રશ્નો ઉઠાવે છે. કોઇ સમય ભ્રષ્ટાચાર સામે જોરદાર જંગ છેડીને નવી આશા જગાવનાર અરવિન્દ કેજરીવાલ પોતે આજે ભ્રષ્ટાચારીને સાથ આપનાર લોકોની સાથે ઉભા છે જે આશ્ચર્ય સર્જે છે.



ઉધના મગદલ્લા રોડ પર શનિદેવ મંદિર કોલસી ભરેલુ ડમ્પર પલટી જતા રસ્તા પર કોલસાની ખડકલો થતા ચાલકોએ હાલાકી વેઠવી પડી હતી. અકસ્માતગ્રસત ડમ્પરની આ તસ્વીર છે.

તળાદ વિભાગ માધ્યમિક શાળાનો સુવર્ણ જયંતી મહોત્સવ યોજાયો

શાળામાં ચાર પેઢીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો : વિદ્યાર્થીઓએ રંગે ચંગે સુવર્ણ જયંતી સમારોહની ઉજવણી કરી

સુરત

ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત તળાદ વિભાગ માધ્યમિક શાળાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શાળાના પ્રાંગણમાં સુવર્ણ જયંતિ સમારોહ યોજાયો હતો. ઓલપાડ તાલુકાના માસમાં ગામના વતની પૂર્વ ધારાસભ્ય અને સમાજસેવકશ્રી પરભુ ભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા વર્ષ ૧૯૬૯માં સ્થાપિત આ શાળાએ આ વર્ષે ૫૦ વર્ષની શિક્ષણ સફર પૂર્ણ કરી છે. આ અવસરને ઉજવવા તળાદ વિભાગ માધ્યમિક શાળાના ચાર પેઢીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો જામ્યો હતો. હાલ અભ્યાસ કરી રહેલા તેમજ આબાલવૃદ્ધ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રંગેચંગે સુવર્ણ જયંતિ સમારોહની ઉજવણી કરી હતી અને શાળામાં અભ્યાસ દરમિયાનના સંસ્મરણો વાગોળ્યા હતા.

આ પ્રસંગે ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળના પ્રમુખશ્રી મોહનભાઈ પટેલે કેળવણી મંડળના શિક્ષણને ઉત્તેજન આપવાના અને શાળા દ્વારા શિક્ષણજગતમાં સીમા ચિહ્નરૂપ સફરનો ચિતાર આપતા જણાવ્યું કે, શાળાને ૫૦ વર્ષ પૂર્ણ થવા એ સંસ્થા માટે ગૌરવપૂર્ણ ઘટના છે. આઝાદી સમયે ઓલપાડ તાલુકામાં એક પણ માધ્યમિક શાળા ન હતી. જેના કારણે તાલુકાની શૈક્ષણિક પ્રગતિ અવરોધાઇ હતી. વર્ષ ૧૯૬૯માં ઓલપાડ તાલુકાના ૧૪ ગામોના અગ્રણી મહાજનો ઓલપાડ તાલુકામાં બેનમૂન શિક્ષણ સંસ્થા માટે બેઠક કરી, જેમની દીર્ઘદ્રષ્ટિના પરિણામે દ્વારા આ શાળાનું બીજ રોપાયું હતું, જે આજે વિશાળ વટવૃક્ષ બનીને ફૂલ્યું-ફાલ્યું છે. આ શાળામાં અભ્યાસ કરીને સેંકડો વિદ્યાર્થીઓ ઉજ્જવળ કારકિર્દી ઘડીને ઉચ્ચ હોદ્દાઓ પર કાર્યરત છે. ઓલપાડ તાલુકામાં આદર્શ શિક્ષણ સંસ્થા તરીકે આ શાળાએ ગૌરવભર્યું સ્થાન મેળવ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી મોહનભાઈએ સુરત જિલ્લો સહકારી ક્ષેત્રમાં અગ્રેસર રહ્યો છે, સહકારી સંસ્થાઓએ શિક્ષણ ક્ષેત્રમાં પણ અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ભૂતપૂર્વ ધારાસભ્ય ધનસુખભાઈ પટેલ, સહકારી આગેવાનો, ટ્રસ્ટીશ્રીઓ, શાળાના શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બે લોકોના ભાગ લેનાર કેમિકલ ટેન્કર કેસમાં ડીમોન્ડ ડાયનેમિક કંપની શંકાના દાયરામાં

પોલીસ આદરેલી તપાસમાં આયુષી એન્ટરપ્રાઈઝની રસીદ મળી છે અને આ રશીદમાં અંકલેશ્વરની કંપનીનું નામ લખાયું છે

સુરત

સુરતના તાતીથૈયા ગામે ટેન્કરમાં કેમિકલ ઠાલવતા મે મજૂરોના મોત નીપજવાની ઘટનામાં અંકલેશ્વર આયુષી એન્ટરપ્રાઈઝનું નામ પણ ચમક્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર શનિવારની મોડી રાતે પલસાણાના તાતી થૈયા ગામ પાસેની ખાડીમાં એક ટેન્કર નંબર જીજે-૦૨-ઝેડ-૭૯૨૭ માંથી ઝેરી કેમિકલ ઠલવાઈ રહ્યું હતું ત્યારે આ ઝેરી કેમિકલના કારણે બે મજૂરો ભરત સાથિયા તથા ભગવાન ઉર્ફે મુન્ના ભરવાડને ઝેરી અસર થતાં ઘટના સ્થળે જ બે પાંચના મોત નીપજ્યા હતાં. જ્યારે કે ટેઢન્કર ચાલક ઈન્દ્રજીત સિંહ પરમારને ગંભીર અસર થઈ હતી. જેને હાલ સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર અપાઈ રહી છે. બનાવ અંગે તપાસ કરતી કડોદરા પોલીસે કેમિકલના સેમ્પલ એફએસએલમાં તપાસ માટે મોકલ્યા છે. ટેન્કરમાંથી અંકલેશ્વરની આયુષી એન્ટરપ્રાઈઝનં ચલણ રસીદ મળી આવ્યા છે. જેમાં સરનામુ અંકલેશ્વર જીઆઈડીસી, રામેશ્વર પાર્ક ખાતે ડિમોન્ડ ડાયનેકિ કંપની નજીકનું બતાવાયું છે. આ ઘટનાના પગલે પોલીસ તપાસનો રેલો અંકલેશ્વર સુધી લંબાયો છે. અંકલેશ્વર જીઆઈડીસી કેટલીક કંપનીઓ ઘણા સમયથી રાત્રિના કાળા ડિબાંગ અંધારામાં કાળાં કામો કરતી આવી છે. અગાઉ પણ સુરતથી લઈ અમદાવાદ,વડોદરા ખાતે પણ ગોપનીય રીતે ઝેરી પ્રદૂષિત કેમિકલ ઠાલવવામાં સંડોવાઈ ચૂકી છે. ત્યાર હવે સુરત તથા તે બે મજુરોનો મોત નીપજ્યાની ઘટના અત્યંત ગંભીર છે. અંકલેશ્વરથી જ જો કેમિકલ ગયું હોય તો સ્થાનિક જીપીસીબી તંત્રનું મોનીટરિંગ કંગાળ છે અને સાબિત થાય છે. અંકલેશ્વર કંપનીઓમાં જીપીસીબી કે પછી ફેકટરી ઈન્સ્પેક્ટર્સનું નિયમિત સધન ચેકિંગ હાથ ધરવામાં આવે તો જ આવી ઘટનાઓ પર અંકુશ મેળવી શકાય એમ છે. હાલ તો સુરતની આ ઘટનાનો અંકલેશ્વર સુધીની તપાસમાં શું તથ્યો બહાર આવે છે એ જોવું રહ્યું!!!

આરોપી ચિરાગ પટેલ સાંસદ પરેશ રાવલની નજીક હોવાની ચર્ચા

કરોડોની છેતરપિંડીનાં આરોપસર ચિરાગ પટેલની ધરપકડ

અમદાવાદ

વ્હીકલનાં બ્લોક બુકિંગના નામે રૂપિયા ૧૫ કરોડનું ચિટીંગ કરવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ત્રણ આરોપીની ધરપકડ કરી છે, ત્યારે ત્રણ આરોપી પૈકી પકડાયેલો ચિરાગ પટેલ એરપોર્ટ ઓથોરિટી કમિટીનો સભ્ય રહી ચુક્યાની વિગતો પોલીસ તપાસમાં સામે આવી છે. આ કૌભાંડની જો તમામ વિગતો બહાર આવે તો છેતરપિંડીનો આંકડો ૧૨૦૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે. માત્ર એટલું જ નહીં, આરોપી ચિરાગ પટેલ સાંસદ અને એક્ટર પરેશ રાવલની પણ નજીક હોવાની ચર્ચા છે. તાજેતરમાં બન્નેના કેટલાક ફોટોગ્રાફ્સ પણ વાઈરલ થયા છે.

પાલડીના રહેવાસી કલ્પેશ નટવરલાલ અખાણીએ ક્રાઈમ બ્રાંચમાં ગુરૂવારે પ્રિયંક અગોળા, તેના પિતા અમૃત અગોળા અને તેમના ભાગીદાર ચિરાગ પટેલ સામે ફરિયાદ કરી હતી. આ ત્રણેય આરોપી સામે ઓટો મોબાઈલ્સના ધંધામાં રોકાણના નામે વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ દરમિયાન કુલ ૧૫ કરોડ મેળવ્યા અને વ્હીકલમાં રોકડેથી રોકાણ કરાવી છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી ચિરાગ પટેલ કાર-ટુ વ્હિલરનું એડવાન્સ બુકિંગ કરાવી તેને ઓનમાં વેચવાનો ધંધો કરતાં હોવાનું કહેતા હતા અને તેના કારણે જે નફો થશે તેમાંથી રોકાણકારોને મહિને ૪ ટકાનું વળતર અપાશે એવી લાલચ આપતાં હતાં.

દક્ષિણ ગુજરાતમાં ઠંડી યથાવત નવસારીમાં ૭, વલસાડમાં ૯ ડિગ્રી

સુરતમાં આજે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું

સુરત

સમગ્ર ઉત્તર ભારતમાં છવાયેલી શીતલહેરની અસરથી આજે પણ સતત ત્રીજા દિવસે ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે. આગામી દિવસોમાં તાપમાનમાં ઘટાડો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૯.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૬ મીબાર નોંધાયુ છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે શહેરમાં ન્યુનત્તમ તાપમાન ૧ ડિગ્રી ઘટાડો અને અધિકત્તમ તનાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો નોંધાયો છે. નવસારીમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૭.૫ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજના ૧૧ ડિગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૧ ડિગ્રી નોંધાયું હતું. ઉત્તર દિશાન્વી ફૂંકાયેલ શીતલહેરની અસરથી ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી દિવસોમાં તાપમાન ઘટશે અને ઠંડીથી રાહત મળે તેવી શક્યતા છે.

સર્વત્ર વિકાસ કાર્યોથી આદિવાસી વિસ્તારોની કાયાપલટ થઈ : વનમંત્રી

સુરત

વન, પ્રવાસન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે માંગરોળ તાલુકાના મોટી પારડી અને બોરસરા ગામે રૂ. ૧.૬૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. જેમાં રૂ.૯૦ લાખના ખર્ચે બોરસરા ખાતે ધામરોડથી બોરસરા માર્ગ, મોટી પારડી ગામે રૂ.૬૫ લાખના ખર્ચે આદિવાસી ફળિયાથી સ્મશાન તરફ જતા માર્ગનું ખાતમૂહુર્ત તેમજ રૂ.૫.૫૦ લાખના ખર્ચે આદિવાસી નવનિર્મિત આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ માંગરોળ તાલુકામાં વિકાસકામોની વણઝાર ચાલી રહી છે એમ જણાવતાં કહ્યું કે, ઠેર ઠેર થઈ રહેલા વિકાસકાર્યોથી આદિવાસી વિસ્તારોની સંપૂર્ણ કાયાપલટ થઈ રહી છે.

શ્રી વસાવાએ રાજ્યમાં આદિવાસી સમાજના સૌથી વધુ બાળકો કુપોષણથી પીડિત છે તે સમસ્યાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ વિસ્તારની આંગણ વાડીઓમાં કુપોષિત બાળકો માટે દૂધ સંજીવની યોજના અંતર્ગત દર વર્ષે રૂ.૧૫૦ કરોડનું દૂધ પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેના થકી રાજ્ય સરકારે આદિવાસી સમાજમાં કુપોષણને નાથવા માટે બીડુ ઝડપ્યુ છે. માંગરોળ તાલુકામાં હળપતિ આવાસ માટે ૪.૫૦ કરોડ ફાળવ્યા છે. મોટી પારડીના આદિવાસી ફળિયામાં રૂ.૫૫ લાખના ખર્ચે નાળું બનાવી ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાની વર્ષો જૂની સમસ્યા દૂર કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યના પનોતાપુત્ર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ગરીબ અને મધ્યમવર્ગ માટે આશીર્વાદરૂપ આયુષ્માન ભારત યોજના, ૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને દર વર્ષે છ હજારની સહાય યોજના દ્વારા દેશના ગરીબ પરિવારોને આર્થિક રીતે પગભર બનાવવાનો નિશ્ચય કર્યો છે.

મંત્રીશ્રીએ બોરસરા ગામે ભરવાડ ફળિયા ખાતે ભરવાડ સમાજના લોકોને સંબોધિત કરતાં કહ્યું કે, મુખ્યત્વે પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલા ભરવાડ સમાજે પશુપાલન થકી રાજ્યની દૂધની જરૂરિયાત પૂરી કરી છે. આ સમાજની વસાહતોને પણ રાજ્ય સરકાર પાકા રસ્તાની ભેટ આપીને તેમના સુધી વિકાસકાર્યો પહોંચાડવા પ્રયત્નશીલ છે.

બોરસરાના ભરવાડ ફળિયામાં મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાને આગમનને વધાવતાં ભરવાડ સમાજના લોકોએ ફટાકડા ફોડીને તેમજ પુષ્પવર્ષા કરી ભવ્ય સ્વાગત કર્યુ હતુ.

નેશનલ જિમ્નાસ્ટીક પ્લેયર વેલેન્ટાઈન ડે પર દીક્ષા લેશે

સુરત

સુરતમાં હાલ દીક્ષા લેનારાઓની લાંબી લાઈન લાગી છે. રોજ અનેક લોકો દીક્ષા લઈને સંયમના માર્ગે નીકળી રહ્યા છે. જ્યારે આખી દુનિયાના ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે ઉજવી રહી હશે, ત્યારે સુરતમાં એકસાથે ૮ યુવતીઓ સાંસારિક જીવન ત્યજીને મોહમાયામાંથી મુક્ત થઈને સંયમનો માર્ગ અપનાવશે. તેમાંથી એક છે પૂજા. જે નેશનલ જિમનાસ્ટીક પ્લેયર રહી ચૂકી છે. સુરતમાં દીક્ષાનો સિલસિલો શરૂ થઈ ગયો છે. જેમાં કરોડપતિ પરિવારના સંતાનો, જેઓ લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલને છોડીને સંયમના માર્ગે જવા નીકળી પડ્યા છે. સુરતમાં ૧૪ ફેબ્રુઆરીના રોજ વધુ ૮ લોકો દીક્ષા લેવાના છે. દીક્ષા લેનારાઓમાં યુવતીઓની સંખ્યા વધુ છે. મોટાભાગની યુવતીઓ કરોડપતિ પરિવારની છે. આ ૮માંથી એક છે પૂજા શાહ નામની નેશનલ જિમનાસ્ટીક પ્લેયર. પૂજા સરતના નાનપુરા વિસ્તારના કૈલાશ નગરમાં રહે છે. પૂજાના પિતા કિરીટભાઈ હીરા દલાલીનું કામ કરે છે. થોડા સમય પહેલા પૂજા જૈન ઉપાશ્રયમાં ગઈ હતી, જ્યાં જૈન ગુરુઓની સાથી રહી અને તેમનું જીવન જોઈને પૂજાએ પણ દીક્ષા લેવાનું મન બનાવ્યું હતું. શરૂઆતમાં તેણે આ વાત જ્યારે પોતાના પરિવારને જણાવી તો પરિવારે તેની પરમિશન ન આપી. જોકે, હવે આ જ પરિવાર દીકરીને દીક્ષા લેવાની પરમિશન આપીને બહુ જ ખુશ છે. પૂજા એમકોમના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. તેનું માનવું છે કે, આ જીવનમાં માત્ર દર્દ જ છે. સાચો આનંદ તેણે આ મોહમાયા માટે છોડી દીધો છે અને તે સંયમના રસ્તે જ શક્ય છે.

ગુર્જર આંદોલનને કારણે ગુજરાતની ટ્રેનોને માઠી અસર

સુરત

રાજસ્થાનમાં જગ્યા જગ્યાએ ગુર્જર સમુદાયના લોકો ૫ ટકા આરક્ષણ માટે આંદોલન કરી રહ્યાં છે. અનેક જગ્યાઓએ આગચંપીની ઘટનાઓ પણ થઈ છે. સવાઈ માધોપુરમાં તો ગુર્જર સમુદાયના લોકો રેલવેના પાટાઓ પર બેસ્યા છે. આ કારણે જયપુરના રસ્તે જતી આવતી ટ્રેનો પર મોટી અસર પડી રહી છે. આગામી ત્રણ દિવસો માટે ૩૭ ટ્રેનો રદ કરવાની જાહેરાત થઈ ચૂકી છે. માત્ર રવિવારે ૧૦ ફેબ્રુઆરીના રોજ જ ૧૮ ટ્રેન રદ કરવામાં આવી હતી અને ૧૩ ટ્રેનોના રુટ બદલવામાં આવ્યા. તો તેની સીધી અસર ગુજરાતથી પસાર થતી ટ્રેનો પર પણ પડી છે. ૧૨ ફેબ્રુઆરીના રોજ ૧૨ ટ્રેન રદ કરવાની જાહેરાત ઉત્તર રેલવે દ્વારા કરવામાં આવી છે. ૧૩ ફેબ્રુઆરીના રોજ સૌથી વધુ ૧૫ ટ્રેન રદ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, આવામાં જયપુર તરફ જતા અને આવતા લોકોને મોટી તકલીફોનો સામનો કરવો પડી શકે છે.

ગુર્જર આંદોલનને કારણે ગુજરાતમાંથી પસાર થતી ટ્રેનોને પણ માઠી અસર પડી છે. ઉત્તર-પશ્ચિમ રેલવેનંક શિડયુલ આ કારણે ખોરવાયું છે. ૧૩ ફેબ્રુઆરી સુધી ૩૦ જેટલી ટ્રેનો રદ કરાઈ છે. તો ૨૫ જેટલી ટ્રેનોના રૂટ ડાઈવર્ટ કરવામાં આવ્યા છે. રેલવે દ્વારા વિવિધ સ્ટેશનો પર હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે. રેલવે તંત્ર દ્વારા ટિકીટ રિફંડ આપવાની પણ શરૂઆત કરાઈ છે. તો બીજી તરફ, અટવાયેલા મુસાફરોને ૨૪ કલાક ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગુર્જર આંદોલન હિંસક બનતા ટ્રેનોમાં સુરક્ષા વધારવામાં આવી છે.

અનાવિલ સમાજના સ્નેહમિલન સમારંભમાં કુ. ખ્યાતિ દેસાઈનું સન્માન કરાયું

વલસાડ

વલસાડ અનાવિલ સમાજના ડાહ્યા.મોંઘાભાઈ હોલ ખાતે સમાજના પ્રમુખ વિનોદભાઈ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલા સ્નેહમિલન સમારંભમાં માહિતી ખાતાના કર્મયોગી અક્ષય દેસાઈની સુપુત્રી ખ્યાતિ દેસાઈને માસ્ટર ઓફ સાયન્સ બાયોટેકનોલોજીની ઉપાધિ ઉચ્ચ શ્રેણીમાં પસાર કરવા બદલ ચંદ્રક એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. કુ. ખ્યાતિ દેસાઈ હાજર ન રહી શકતાં તેનું સન્માન તેમના માતા-પિતાએ સ્વીકાર્યું હતું. આ અગાઉ ખ્યાતિ દેસાઈ ચારૂસેટ-ચરોતર યુનિવર્સિટીમાંથી બી.એસસી.માં ૯૧ ટકા દસમા ધોરણમાં ૯૪ તેમજ ધોરણ-૧૨ની પરીક્ષા ૭૮ ટકા સાથે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી ઉત્તીર્ણ કરી છે. કુ. ખ્યાતિએ પોતાનું શાળાકીય શિક્ષણ સ્વામીનારાયણ ગુરુકુળ તથા બાઈ આવાંબાઈ હાઈસ્કૂલમાં લીધું છે. કુ. ખ્યાતિએ તમામ પરીક્ષાઓ ઉચ્ચશ્રેણીમાં પસાર કરી હંમેશા અવ્વલ દરજાની વિદ્યાર્થીની તરીકે અનાવિલ સમાજની શોભા વધારી છે. હાલ તેણી ઝાયડસ કેડીલા લી. કંપનીમાં સર્વિસ કરી રહી છે.



અઠવાગેટ ગર્લ્સ પોલીટેકીકલ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ ડિપ્લોમાંથી ડિગ્રીમાં અભ્યાસ કરવા માટે નાટાની પરીક્ષા આપવાની રહેતી હતી. આ વર્ષથી નાટાની પરીક્ષામાં આર્કિટેક્ચરના વિદ્યાર્થીનીઓને ઓપરેશન ન રાખતા આજે અઠવાગેટથી કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી વિરોધ નોંધાયો હતો.

ગોવાડા-કંકારડી ખાતે રૂા.૧ ૬૦ લાખના ખર્ચે નિર્માણ પામનારા

પાંચ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કરતા આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર



વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ગોવાડા કંકારડી ખાતે ગોવાડા અને દહેરી ગામમાં રૂા. ૧૬૦ લાખના ખર્ચે નિર્માણ થનારા પાંચ જેટલા રસ્તાઓનું ખાતમુહૂર્ત કરતાં વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, દરેક ગામના ફળિયે-ફળિયે પાકા રસ્તા બને તે પ્રકારનું સુદઢ આયોજન કરાયું છે. ગામના વિકાસની સાથે રસ્તા, પાણી, શિક્ષણ, વીજળી સહિત દરેક પ્રકારની પ્રાથમિક સુવિધાઓ આપવા ઉપરાંત દરેક યુવાઓને રોજગારી મળે તે માટે ભરતી મેળાઓ યોજાય છે. જે ખાતમુહૂર્ત કરાયાં છે તે કામોમાં ગોવાડા કંકારડી મુખ્ય રોડથી પાંજરાપોળ થઈ મહારાષ્ટ્ર બોર્ડર સુધીનો રોડ રૂા. ૩૦ લાખ, ગોવાડા હસુભાઈ મગનભાઈના ઘરને જોડતો રોડ રૂા.૨૦ લાખ, ગોવાડા કંકારડી રોડથી રેલવે ફાટક થઈ આદિવાસી ફળિયાનો રોડ રૂા.૨૦ લાખ, દહેરી રામવાડી હિંમતભાઈના ઘરથી ભારતીબેનના ઘર સુધીનો રોડ રૂા. ૨૦ લાખ અને દહેરી મુખ્યરસ્તાથી નગીનભાઈ ધોડીના ઘર તરફ જતો રસ્તો રૂા.૨૦ લાખનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ અગાઉ મંત્રીશ્રીના હસ્તે દહાડ ખાતે રૂા.૧૪ લાખના ખર્ચે નિર્માણ થનારા ગ્રામ પંચાયતના નવા મકાનનું ખાતુમહૂર્ત કરાયું હતું.

આ અવસરે ગોવાડા સરપંચ, અગ્રણીઓ બાબુભાઇ વરઠા, કનુભાઈ સોનપાલ, સામાજિક કાર્યકર હેમાબેન ગાંધી, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

લીંબાયતના બુધ્ધ વિહારમાંથી ૧૦ હજારની ભગવાનની મૂર્તિની ચોરી

તસ્કરોએ દાન પેટી તોડી રોકડા રૂપિયા લઈ ગયો

સુરત

આજકાલ તસ્કરોએ ભગવાનના ઘરને પણ છોડતા નથી, મંદિરની દાનપેટી સહિત ભગવાનન દાગીના ચોરી જવાની ઘટનામાં વધારો થયો છે. આવા જ એક બનાવમાં લીંબાયત બુધ્ધ વિહાર મંદિરમાંથી તસ્કરોએ ભગવાન ગૌતમ બુધ્ધની મુક્તિ અને દાનપેટીમાંથી રોકડા રૂપિયા ચોરી ગયા હતા. લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શાન્તિનગર પાસે આવેલ બુધ્ધ વિહાર મંદિરમાંથી અજાણ્યા તસ્કરો રૂા. ૧૦ હજારની કિંમતની ભગવાન ગૌતમ બુધ્ધની મૂર્તિ અને દાનપેટી તોડી રોકડા રૂપિયા ૪૦૦૦ મળી કુલ્લે રૂા. ૧૪,૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે લીંબાયત પોલીસ મથકે સુભાષભાઈ પારનુજાભાઈ ઝાડેએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

જામણકુવા ગામે જેસીબી મશીને પાઈપ લાઈન તોડી નાંખતા મારામારી

સુરત

માંડવી તાલુકાના જામણકુવા ગામ ખાતે દૂધ ડેરીની પાછળ જેસીબી મશીનની મદદથી ગામની પાણીની પાઈપ લાઈન કેમ તોડી નાંખેલ છે. તેમ જણાવી બે ઈસમોએ લાકડીના ફટકા વડે હુમલો કરી જેસીબી મશીનના ચાલક ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ માંડવી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી તાલુકાના જામણકુવા ગામ ખાતે આવેલા ખાખરી ફળીયામાં નીકુંજભાઈ ચેતનભાઈ ગામીત રહે છે. ગતરોજ ઝીણાભાઈ ચૌધરી તથા અરૂણભાઈ ચૌધરી વગેરેઓએ જેસીબી મશીન ચલાવતા નિકુંજભાઈ ગામીત સાથે ગામની પીવાના પાણીની લાઈન તમે જેસીબી મશીનની મદદથી કેમ તોડી નાંખી તેવું જણાવી લાકડાના ફટકા વડે જેસીબી મશીનના ચાલક પર હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ચાલક નિકુંજ ગામીતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજ્યભરની એસઆરઆઈસીટી રાજ્યભરમાં ચોથા ક્રમાંકે

અંકલેશ્વર

અંકલેશ્વર વાલિયા માર્ગ પર આવેલી શ્રોફ રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજી એસઆર આઈસીટીએ ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી અંતર્ગત આવતી તમામ કોલેજીસમાં ચોથો તેમજ દક્ષિણ ઝોનની કોલેજીસમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. હાલમાં જ જાહેર થયેલા સેમેસ્ટર-પના પરિણામોમાં એસઆર આઈસીટીના ૩ સ્ટુડન્ટ્સે ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી જીટીયુમાં ટોપ-૩ રેન્ક મેળવ્યો છે. જ્યારે ૭ સ્ટુડન્ટ્સે એસઆર આઈસીટીના ત્રણ સ્ટુડન્ટ્સે કેમિકલ એન્જિનિયરિંગના ટોપ ૧૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં સીપીઆઈ વાઈઝ સ્ટુડન્ટ નીલ પટેલ જીટીયુમાં પ્રથમ રહ્યા છે. આ સિદ્ધિ બદલ એસઆરઆઈસીટીના ટ્રસ્ટી અશોક પંજવાણીએ સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝને અભિનંદન પાઠવ્યા હતા.

ત્રણ દેશોમાં પરિભ્રમણ કરનાર એકતા કાર યાત્રાનું દાંડી ખાતેથી પ્રસ્થાન

દિલ્હીથી શરૂ થયેલી કારરેલી ત્રણ દેશોમાં એકતાનો સંદેશ ફેલાવશે

નવસારી

ભારત સરકાર દ્વારા ૧૫૦મી ગાંધીજીની જયંતિ ઉજવણી અવસરે શાંતિ, એકતા અને સલામતીના સંદેશ સાથે ભારત, મ્યાનમાર અને બાંગલાદેશને સાંકળી લેતી કારરેલી નવસારી જિલ્લાના ઐતિહાસિક દાંડી ખાતે આવી પહોંચતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાર્થના મંદિર ખાતે પુ.બાપુની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ કરી, કારરેલીને લીલીઝંડી દ્વારા પ્રસ્થાન કરાવાયું હતું.

આ કારરેલીમાં ૧૦ કારમાં ૩૫ લોકો જોડાયા છે. જે પુ. મહાત્મા ગાંધીજીના મહત્વના સ્થળોએ ત્રણ દેશોમાં ફરશે.

ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ મંત્રાલય, મીનીસ્ટ્રી ઓફ એક્ષ્ટર્નલ અફેર્સ જેવા વિવિધ વિભાગોના સહયોગ વડે આ કારરેલીને દિલ્હી ખાતે તા.૪ ફેબ્રુઆરી-૧૯ ના રોજ વિદેશી મંત્રી સુષ્મા સ્વરાજ અને રોડ-ટ્રાન્સપોર્ટ વિભાગના મંત્રી નીતિન ગડકરીએ પ્રારંભ કરાવ્યો હતો. આ કારરેલી ભારતના વિવિધ રાજયો, બાગ્લાદેશ થઇ ૨૪ ફુબ્રુઆરીએ (રંગુન) મ્યાનમાર ખાતે સમાપન થશે. આ કારકરેલી પુના, કલકત્તા, બાંગ્લાદેશ અને મણીપુર થઇ મ્યાનમારમાં પ્રવેશ કરશે.

કારરેલી સાથે જોડાયેલા કલકતાના અરૂણ ભાટિયા કહે છે કે, આ કારરેલીનો મુખ્ય ઉદેશ પુ. મહાત્મા ગાંધીજીના અહિંસા, શાંતિ, એકતાના સંદેશને લોકો સુધી પહોંચાડવાનો સાથે સાથે માર્ગ સલામતી અંગે લોકોને જાગૃત કરવાનો છે. આ યાત્રા પુ. ગાંધીજીએ જે સ્થળોએ પ્રવાસ કર્યો હતો એ મુખ્ય સ્થળોને આવરી લેવામાં આવ્યા છે.

કારરેલીમાં જોડાયેલા કચ્છના મનોજ પટેલ કહે છે કે, ૧૫૦ મી ગાંધીજી જયંતિ અવસરે અમને એકતાનો સંદેશ ફેલાવવાનો અવસરે મળ્યો છે. અમે ગર્વ અનુભવીએ છીએ. દિલ્હી રાજઘાટ, સાબરમતી આશ્રમ, પોરબંદર જેવા મહત્વના સ્થળોએ રેલી ફરી છે. અમને ગુજરાત સરકારનો ખુબ સારો સહકાર મળ્યો છે.

જલાલપોર મામલતદાર શ્રી શાહ, દાંડીના સરપંચ વિમલભાઇ પટેલ, સામાપોરના સરપંચ ઇલાબેન પટેલ, જલાલપોર તાલુકા પંચાયત ઉપપ્રમુખ ધર્મેશભાઇ પટેલ, દાંડીના પુર્વ સરપંચ પરિમલભાઇ પટેલ, સહિત ગામજનો આ અવસરે જોડાયા હતા.

લાંચીયા કોર્પોરેટર ભંડેરીના લોકરમાંથી રૂા. ૪ લાખના સોનાના ઘરેણાં મળ્યાં

સુરત

સુરત મહાનગર પાલિકાના વોર્ડ નંબર-૮ના ભાજપના કોર્પોરેટર જયંતિ ભંડેરીને એસીબી પોલીસે ૫૦ હજાર રૂા. રંગેહાથ લેતા ઝડપી લીધા બાદ તેમણે લીધેલા બે દિવસના રિમાન્ડ દરમિયાન તેના વરાછાના લોકરમાંથી ૧૬ તોલા સોનું કિંમત રૂા. ૪ લાખ કબજે કર્યુ હતું. આ સાથે રિંગરોડ સહારા દરવાજા પાસે આવેલ દેનાબેંકનું ખાતુ નહીં ઓપરેટ કરવા દેવાની સૂચના એસીબી દ્વારા તેના બ્રાંચ મેનેજરને આપવામાં આવી હોવાનું તપાસકરનારા અધિકારી રાઠવાએ જણાવ્યું હતું.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગત સપ્તાહ સિંગણપોર કોઝવે હરીદર્શનના ખાડા પાસે આવેલા એક ડોક્ટરના ક્લીનકના શટરનું ડીમોલીશન તથા મનપાના અધિકારીઓ દ્વારા કોઈ હેરાનગતિ ના થાય તે માટે તેની પાસે રૂા. ૫૦ હજારની લાંચની માંગણી કરવામાં આવી હતી. એસીબીમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે છટકુ ગોઠવી તેને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડયો હતો. જયંતી ભંડાર હાલમાં લાજપોર જેલમાં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સુગર ફેક્ટરીઓએ સમયસર ખાંડની નિકાસ કરવા સહકાર મંત્રીની અપીલ

ખાંડ ઉદ્યોગ સંઘ દ્વારા ખેડૂતોની આવક વધારવા બેઠક યોજાઈ

નવસારી

નવસારી જિલ્લાના ગણદેવી શુગર ફેકટરીના સભાખંડ ખાતે રાજયના સહકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજયમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજય સહકારી ખાંડ ઉદ્યોગ આયોજીત દક્ષિણ ગુજરાતના ૧૫ જેટલી શુગર ફેકટરીઓના ચેરમેન મેનેજીંગ ડિરેકટરો સાથે સુગર એક્ષપોર્ટ તેમજ ખેડૂતોની આવક બમણી કરવાના આયોજન અંગે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં રાજય સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતુ કે, દેશના વડાપ્રધાને ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા હાંકલ કરી હતી. જેને અનુસંધાને દક્ષિણ ગુજરાત વડોદરા સહિત તમામ શુગર ફેકટરીઓ ધ્વારા ખેડૂતોની આવક વધારવા પ્રયાસ હાથ ધર્યો છે. શુગર ફેકટરીઓ ધ્વારા ખેડૂતોની આવક વધારવા શું કરવુ, જેથી આવનારા સમયમાં કૃષિ વિકાસને વધુ વેગ મળે એવો પ્રયાસો માટે આયોજન હાથ ધરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રી પટેલે બેઠકમાં વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ધ્વારા ફેર એન્ડ રેમ્યુરીટી પ્રાઈઝ (એફઆરપી) શુગર ફેકટરી વાઈઝ પ્રાઈઝ નકકી કરે છે. તે પ્રાઈઝથી વધુ રકમ ગુજરાત સરકાર ચૂકવે છે. એમાં પણ ખેડૂતોના આવકમાં કેવી રીતે વધારો કરી શાય તેવા મુદ્દાઓને ધ્યાન રાખી પ્રયાસ હાથ ધરવો જોઈએ. શુગરના તમામ ચેરમેનોએ ખાંડ ઉત્પાદન ખર્ચ ઘટાડી ખેડૂતોને આવકમાં ફાયદો થાય એવો પ્રયાસ હાથ ધરવા અનુરોધ કર્યો હતો. સાથે સાથે શુગર ફેકટરી ધ્વારા ખાંડના જથ્થાને સમયસર એક્ષપોર્ટ કરવા અને નિકાસ વધારવા પ્રયાસ કરવો જોઈએ. સૌના સાથ સહકાર, એક થઈ કાર્ય કરીશું તો ચોકકસ સફળતા મળશે.

ગણદેવી ખાંડ ઉદ્યોગના ચેરમેન શ્રી જયંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે, સેટેલાઈટ સર્વે ધ્વારા સૌથી વધારે ૫૫ લાખ હેકટરમાં શેરડીનું વાવેતર વધ્યું છે. જેના કારણે ૩.૨૨ લાખ ટન ખાંડનું ઉત્પાદન થયું છે. આપણા દેશે સૌથી વધુ ખાંડ ઉત્પાદન કરતા બ્રાઝીલને પણ પાછળ રાખી દીધેલ છે. કેન્દ્ર સરકાર ધ્વારા જે તે શુગર ફેકટરીઓએ તેમજ એક્ષપોર્ટ કરવાના કોટા રાખે, જેનો સપ્ટેમ્બર માસ પહેલા પુરો કરવો જોઈએ. તેમજ ખેડૂતોની આવક વધારવા શુગર કેટરીઓએ પ્રયાસ કરવો જોઈએ. ખેડૂતોની જમીનની સુધારણા માટે પ્રયાસ કરવો જોઈએ. વધારે પ્રમાણમાં પાણીના ઉપયોગથી જમીનની ગુણવત્તા બગડી છે. શેરડીના પાકને પાણી કરતા પ્રકાશ સંશ્લેષણ ખૂબ જરૂરી છે. ખેડૂતોએ રાજય તથા કેન્દ્ર સરકારના પ્રયાસથી વિવિધ યોજનાના લાભ લઈ સેન્દ્રિય ખાતરનો ઉપયોગ વધારવા ભાર મૂકયો હતો. ખાંડ ઉદ્યોગોએ મશીનરી, સુધારણા, નવા પાવર હાઉસ, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગથી ખાંડના સારો ભાવો મળી શકશે. બેઠકમાં ગુજરાત રાજય ખાંડ ઉદ્યોગ સહકારી સંઘના મેનેજીંગ ડિરેકટર શ્રી કેતનભાઈ, વિવિધ સુગર ફેકટરીના ચેરમેનશ્રીઓ, મેનેજીંગ ડિરેકટરશ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.

કામરેજમાં ઝેરી સાપ કરડી જતા શ્રમજીવી યુવાનનું મોત

સુરત

કામરેજ તાલુકાની વ્રજ નંદીની સોસાયટીમાં શ્રમજીવી યુવકને સાપે ડંખ મારતા સારવાર દરમિયાન નીપજ્યું હતું. જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુંડાદેડા ગામે સાયણ ફળિયામાં રહેતા સુરત રોજી રોટી માટે આવ્યો હતો. અને કામરેજ ખાતે બ્રિજ નંદીની સોસાયટીમાં ઝૂંપડી તાણી પરિવાર સાથે રહેતો હતો. રવિવારના રોજ ચેતન પોતાના ઝૂંપડામાં હતો ત્યારે ઝેરી સાંપે ડંખ મારતા સારવાર માટે કામરેજની દીધબંધુ અને વધુ સારવાર માટે સુરત શહેરની પી.પી. સવાણી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત થયું હતું. અકસ્માતના મોત અંગે પોલીસે ચોપડે નોંધ કરી વધુ તપાસ શરૂ કરી હતી.







૧.૪૩ કરોડના ખર્ચે સાકાર થયેલા વાંસદા બસ સ્ટેશનનું લોકાર્પણ

ખાંડ ઉદ્યોગ સંઘ દ્વારા ખેડૂતોની આવક વધારવા બેઠક યોજાઈ

વાંસદા

વાંસદા ખાતે રૂા.૧.૪૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા વાંસદા અદ્યતન બસ સ્ટેશનનું લોકાર્પણ રાજય વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાંસદ ડા.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ અમિતાબેન પટેલ, ગણદેવી ધારાસભ્ય નરેશભાઈ પટેલ પણ મંત્રી સાથે જોડાયા હતા. રાજય વાહનવ્યવહાર મંત્રીએ ગુજરાતની લાઈફલાઈન બસ સેવા સામાન્ય જન માટે સેવાનું માધ્યમ બની રહી હોવાનું જણાવ્યું હતું.

વાંસદા ખાતે આઠ હજાર ચોરસ મીટર વિસ્તારમાં પાંચ પ્લેટફોર્મ સાથે, મુસાફરો માટે બેઠક સાથે વેઈટીંગ હોલ, ટ્રાફિક કન્ટ્રોલરરૂમ, ઉપાહારગૃહ, લેડીઝ રેસ્ટરૂમ, ડ્રાયવર કંડકટર માટે રેસ્ટરૂમ સહિતની સવલતો આ બસ સ્ટેશનમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિકલાંગ વ્યકિતઓ માટે રેમ્પની પણ વ્યવસ્થા છે.

લોકોને સારી અને સસ્તી સવલત મળે તે માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ સુવિધાસજજ બસ સ્ટેશન બનાવવામાં આવી રહયા છે. રોજના ૮૩૭૮ બસો ૩૨ લાખ કિમી સાથે ૨૪ લાખ મુસાફરોનું પરિવહન કરે છે, તેમ જણાવી રાજય વાહનવ્યવહાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે ૨૧૩૦ બસો નવી મળશે. વલસાડડેપોને ૩૦ નવી બસો ફાળવવામાં આવશે.

રાજયના ગરીબ અને મધ્યમ વર્ગને લગ્નની મોસમમાં રાહતદરે બસ ફાળવવાનો રાજય સરકારે મહત્વનો નિર્ણયનો ઉલ્લેખ કરી, મંત્રીએ જણાવ્યું હતું કે, ૧૨૦૦ ના નજીવા દરે બસ સવલત આપવામાં આવશે. તેમણે એસટી નિગમના અધિકારી/કર્મચારીઓને અભિનંદન પાઠવી, બસની સેવાઓની ઉત્કૃષ્ઠ કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

વલસાડ સાંસદ ડા.કે.સી.પટેલે દેશ-રાજય વિકાસના પંથે જઈ રહયું છે, ત્યારે બસ સેવાઓ છેવાડાના ગામડાંઓ સુધી પહોંચી હોવાનું જણાવ્યું હતું.

વલસાડ વિભાગીય નિયામક જે.આર.બુચએ સ્વાગતપ્રવચન કરી સૌને આવકાર્યા હતા. વાંસદાના સરપંચ હિનાબેન પટેલ, અગ્રણીઓ ડા.પંકજ પટેલ, ભગુભાઈ પટેલ, વિરલ વ્યાસ સહિત ગામજનો કાર્યક્રમમાં જોડાયા હતા.

વલસાડ જિલ્લાના ૧૭૩૮ વિદ્યાર્થીઓને પ્રખરતા શોધ કસોટીની પરીક્ષા આપી

વલસાડ

વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ધોરણ-૯ના વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને ઓળખવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પ્રખરતા શોધ કસોટીનું આયોજન કરવામાં આવે છે. વલસાડ જિલ્લાના ૬ કેન્દ્રો ખાતે યોજાયેલી આ પરીક્ષામાં રજિસ્ટ્રેશન થયેલા ૧૮૭૯ વિદ્યાર્થીઓ પૈકી ૧૭૩૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. શિક્ષણ નિરીક્ષક તથા પ્રખરતા શોધ કસોટીના ઝોનલ અધિકારી રાજેશ્રીબેન ટંડેલ તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષક ડિમ્પલ પટેલે પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી.

વાલક ગામની મિલકત કાકાએ બોગસ દસ્તાવેજો દ્વારા વેચી મારી

સુરત

પાંચ ભાઈ બહેનની વાલક ગામ સ્થિત મિલકત કાકાએ બોગસ દસ્તાવેજો બનાવી વેચી નાખી હોવાની ફરિયાદ સરથાણા પોલીસ મથકે નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વાલક ગામ મસ્જીદ ફળિયામાં રહેતા હીરાબેન નુરૂલભાઈ મહિડાએ આરોપી કાકા રસુલભાઈ ભીખાભાઈ મહિડા કનકસિંહ કોસાડ વિરદ્ધ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી સહિત પાંચ ભાઈ-બહેનનો હિસ્સો ધરાવતી મિલકત આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ખોટું કુલમુખત્યારનામુ બનાવી પાંચેય ભાઈ-બહેનની ખોટી સહી કરી આરોપી કનકસિંહ રામસિંગ કોસાડાએ સાક્ષી તરીકે સહી કરી આ કુલમુખત્યારનો સાચા તરીકે ઉપરોકત મિલકત વેચી નાખી હતી. બનાવ અંગે સરથાણા પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. એન.ડી. ચૌધરીએ તપાસ હાથ ધરી છે.

ઉગત રોડ પર મોટર ગેરેજમાંથી તસ્કરો દ્વારા સાધનોની ચોરી

સુરત

ઉગત કેનાલ રોડ ઉપર આવેલ પી.એસ. મોટર ગેરેજમાંથી રૂપિયા ૬૩૦૦૦ની કિંમતના સાધનની ચોરી થઈ હતી.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાલનપુર પાટિયા ઠાકોર દ્વાર સોસાયટીમાં રહેતા જીવનસિંગ નવલસિંગ ઈગડે એ ફરિયાદ આપી હતી. ફરિયાદીના મિત્ર બસંતલાલ સિંગની કેનાલ રોડ ગત ખાતે આવેલ વી.એસ. મોટર ગેરેજમાંથી અજાણ્યા તસ્કરો ગોબા કાઢવાનું મશન, વેલ્ડિંગ મશીન, જેક-પુલર મળી કુલ્લે રૂા. ૬૩૦૦૦ની મતાની ચોરી કરી ગયા હતા. રાંદેર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મરોલી ખાતે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે મચ્છીમાર્કેટનું ખાતમુહૂર્ત કરાયું



વલસાડ

ઉમરગામ તાલુકાના મરોલી ખાતે મચ્છી વેચાણનો ધંધો કરનારાઓ માટે બનાવવામાં આવનાર મચ્છીમાર્કેટનું ખાતમુહૂર્ત વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરાયું હતું.

આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, મચ્છી વેચાણનો ધંધો કરવા માટે યોગ્ય જગ્યા મળી રહે અને ગામમાં ગંદકી ન થાય તે માટે મચ્છી માર્કેટ બનાવવી જરૂરી હોઈ કેન્દ્ર સરકારની યોજનામાંથી ઉમરગામ તાલુકામાં સંજાણ નારગોલ અને મરોલી ખાતે મચ્છી માર્કેટ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી આજે મરોલી ગામની મચ્છીમાર્કેટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ગામની વ્યવસ્થામાં લોકોની ભાગીદારી જરૂરી છે, તેમ જણાવી ભારતીય સંસ્કૃતિ મુજબ સાથે મળી કામગીરી કરી રાષ્ટ્રીય ભાવના કેળવવા અનુરોધ કર્યો હતો. સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતાં મંત્રીશ્રીએ વિવિધ બીમારીઓના ખર્ચને પહોંચી વળવા માટે આયુષ્માન ભારત યોજનાનો તેમજ વીજમાફી યોજનાનો લાભ લઇ વીજ કનેકશન ફરીથી ચાલુ કરાવી લેવા અનુરોધ કર્યો હતો. કિસાન સન્માન સમૃધ્ધિ યોજના હેઠળ દરેક ખેડૂતને ૬ હજાર રૂપિયા આપવામાં આવનાર છે, જે માટે જરૂરી દસ્તાવેજો ગ્રામ પંચાયત ખાતે જમા કરાવી દેવા જણાવ્યું હતું. માછીમારો માટેની વિવિધ યોજનાઓની જાણકારી આપી ૧૧ વ્યક્તિઓના સમૂહને બોટ માટે ૬૫ લાખની સહાય રાજ્ય સરકાર આપે છે, તેનો જરૂરિયાતમંદોને લાભ લેવા પણ જણાવ્યું હતું.

આ અવસરે મરોલી સરપંચ, અગ્રણીઓ બાબુભાઇ વરઠા, કનુભાઇ સોનપાલ, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino®
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F.
સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

Jioની જેમ બધી ચેનલો પણ મફતમાં જ મળશે...

- ટ્રાઈ ના નવા નિયમો સામે ચેનલો અને કેબલ ઓપરેટર નિરાશ થયા છે.. પણ જેમ ગ્રાહકો ને jio આવ્યા પહેલા ૧ GB ના ૨૫૦ રૂપિયા ચૂકવવા પડતા હતા તેમ હવે આ નિયમો થી ગ્રાહકોને ચેનલો પણ મફતમાં મળવાની છે યાદ રાખજો
- આ નિયમો થી કઈ ચેનલના કેટલા જોનાર છે તેનો પરફેક્ટ આંકડો મળશે..
- ચેનલો ને આવક જાહેરાતની જ હોય છે...જેમાં સરકારી જાહેરાતો વધુ હોય છે..
- હવે તમે ધારો કે સ્ટાર પ્લસ ચેનલ ૪૦ રૂપિયામાં પેકેજ વેચે છે...તો આખા દેશમાં ૧ કરોડ લોકોએ તેનું પેકેજ લીધું...તે આંકડા ટ્રાઈમાં આપવા પડશે...
- હવે શું થશે. માનો કે હીરો કંપનીએ પોતાની બાઈકની જાહેરાત આપવી છે..તો હીરોનો ઉદેશ્ય એક જ હોય કે જાહેરાત દ્વારા વધુ લોકો સુધી પહોંચવું..એટલે તે ટ્રાંઈ માંથી ચેનલ જોનારની યાદી કઢાવશે.. પછી તે સૌથી વધુ જોવાતી હશે તેવી ચેનલ ને પોતાની જાહેરાત આપશે..અને તે જાહેરાત મિનિટના એક લાખ રૂપિયા લેખે આપશે. માનો કે તેમને ફ્રી જોવાતી ચેનલના ૧૦ કરોડ જોનાર છે તો તેમને આપશે..
- પછી શું થશે..સ્ટાર પ્લસ ચેનલ હીરો પાસે જશે કે અમને જાહેરાત આપો..તો હીરો કહેશે કે તમને મિનિટના ૧૦ હજાર લેખે જાહેરાત આપશું..કારણ કે તમારા જોનાર લોકો ની સંખ્યા માત્ર ૧ લાખ જ છે...તેને લીધે સ્ટાર પ્લસની આવક ઘટશે, એટલે તે વિચારશે કે આવક ઘટે તે ના ચાલે એટલે પેકેજ નો ભાવ ઘટાડો અથવા લોકોને મફતમાં ચેનલ આપો...એટલે ગ્રાહકો ને ફાયદો જ થવાનો છે..કારણકે કા પેકેજ મફત આપવું પડશે અથવા ભાવ ઘટાડવા પડશે..તો જ જોનારની સંખ્યા વધી શકે..
- હવે એવી જ રીતે વિચારો કે સરકાર પોલિયો બાબતે જાહેરાત આપશે તો તે પણ જોનાર લોકોની સંખ્યા ને આધારે જ જાહેરાતના ભાવ આવશે. એટલે સ્ટાર પ્લસ ને બીજો ફટકો લાગશે..એટલે મફતમાં આપ્યા વિના છૂટકો જ નથી..
- દિવસે ને દિવસે રાફડાની જેમ ચેનલો વધતી જાય છે તે મોટે ભાગે સરકારી જાહેરાતો પર જ નભતી હોય છે..તેથી બોગસ ચેનલો આવતી બન્ધ થશે..
- પછી એવું આવશે કે તમારે જેટલી ચેનલો જોવી હોય તેટલીજ જ તમારા સેટ ટોપ બોક્સમાં આપવી પડશે..તેથી તમારે વધુ ચેનલો ફેરવવામાં થી મુક્તિ મળશે...કારણકે આમ પણ દરેકના ઘરમાં માંડ ૧૦ થી ૧૫ ચેનલો જોવાતી હોય છતાંપણ એટલી ચેનલોનું લિસ્ટ આવે છે કે ચેનલ શોધવી મુશ્કેલ પડી જાય.
- કદાચ ભારત આવી વ્યવસ્થા ઉભી કરનાર વિશ્વનો પ્રથમ દેશ હશે..માટે ગૌરવ અનુભવો..
- થોડા સમય તમારી મનગમતી ચેનલ ના જોવાય તો વાંધો નહી...કારણકે થોડા સમયની ધીરજ આપને મફતમાં આપવા માટે મજબૂર કરશે..

મેહુલભાઈ વ્યાસ
૯૯૯૮૬૪૮૪૯૯



ગોડાદરાના મહારાણા પ્રતાપ સર્કલ પાસેના રોડ પર સિટી બસે વધુ એક રાહદારીને કચડી નાખવાની દુર્ઘટના સર્જાતા બસ અડફેટે ચઢેલા વ્યક્તિના બન્ને પગ ચગડાઈ ગયા હતા. અકસ્માત કરનાર સિટી બસની આ તસવીર છે.

હીરાબાગમાંથી વેપારીનું અપહરણ રૂા. ૨૪ લાખની ખંડણીની માંગણી

ત્રણ લોકો વેપારીને કારમાંથી ઉઠાવી ગયા

સુરત

કાપોદ્રા હીરાબાગ પાસેથી વેપારીનું અપહરણ કરી જઈ રૂપિયા ૨૪ લાખની ખંડણી માગનારા ત્રણ જણા વિરુદ્ધ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ છાપરાભાઠા તાડવાડી સુંદર હોમમાં રહેતા ચિંતન વિનુભાઈ વાઘાણીએ આરોપી જીજ્ઞેશભાઈ તુલશીભાઈ કેવડીયા (રહે. રૂપિયા સોસાયટી, હીરાબાગ, કાપોદ્રા) હસમુખ વઘાસિયા (રહે. મોટા વરાછા) અને અજાણ્યો ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી ચિંતન રોમન પોઈન્ટના હિરાબાગ પાસે હતા ત્યારે સ્કોડા કાર નં. જીજે-૦૧-કેપી-૩૧૭૬માં ધસી આવેલા આરોપીઅઓ ફરિયાદીનું અપહરણ કરી જઈ માર મારી રૂપિયા ૨૪ લાખની ખંડણી માગી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ ચિંતન વાઘાણીની કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

જુદા જુદા ત્રણ સ્થળોએ જુગાર રમતા ૧૭ જુગારીએ ઝડપાયા

રોકડા રૂા. ૫૧ હજારથી વધુ કબજે લેવાયા

સુરત

ત્રણ સ્થળે જુગારધારા અન્વયે પોલીસ દરોડા પાડી ૧૭ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૫૧,૨૧૦ની મતા કબજે કરી હતી.

ઉધના પોલીસે ભાઠેના અમન સોસાયટીમાં જુગાર રમતા ઈમ્તીયાઝ નુરમહંમદ થારા, નસીમ ઈબ્રાહીમ, સીરાજ ઈશાક, જીસાન સિરાજ દૂધવાળા, મહંમદ સફી મહંમદ નાથાણી, ઈમરાન જાકરની ધરપકડ કમી રોકડા રૂા. ૨૮,૦૬૦ કબજે કર્યા હતા. પોલીસ પોલીસે આંગણવાડીની પાસે, ગોકુલ નગરમાં જુગાર રમતા નીલેશ જવાહરલાલ ધોબી, દીપક રાઠોડ, જીતેન ઠાકરે, રાકેશ રમણની ધરપકડ કરી રોકડા રૂા. ૧૦,૫૦૦ કબજે કર્યા હતાં.

પાંડેસરા પોલીસે અમરોલી રોડ ભક્તિનગર-૩માં ઘર નં. ૧૬૪માં જુગાર રમતા અમિન શાહુ, અનુપસિંગ રાજપૂત, રામકરણ દેવીદાસ, ઋષિકપુર નિષાદ, દેવકમાર ઉર્ફે ભુરા યાદવ, અરવિંદ રાજભરની ધરપકડ કરી રોકડા રૂપિયા ૭૨,૬૫૦ કબજે કર્યા હતા.



પ્રેમી યુવક સાથે ભાગેલી યુવતીને પોલીસે પકડી લાવ્યા બાદ નારી સંરક્ષણ કેન્દ્રમાં રાખી હતી અને બે દિવસ બાદ પ્રેમી યુવકથી વિખૂટી પડેલી યુવતીએ ઘોડદોડ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં આપઘાત કરી લેતા તપાસ અર્થે દોડી ગયેલી પોલીસ તસવીરમાં નજરે પડે છે.

ઘોડદોડ રોડ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં ૨૩ વર્ષીય યુવતીનો આપઘાત

સુરત

ઘોડદોડ રોડ ખાતે આવેલા નારી સંરક્ષણ ગૃહમાં એક ૨૩ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા પોલીસ દોડી ગઈ હતી. અને આપઘાતને લઈને વધુ તપાસ હાથ ધરી છે.ઘોડદોડ ખાતે આવેલા નારી સંરક્ષણ ગૃહમાં હાલ ૨૦ જેટલી યુવતી આશરો લઈ રહી છે. જે પૈકી એક અંકિતા નામની યુવતી(ઉ.વ.૨૩) બે દિવસ પહેલાં જ આવી હતી. અને બે દિવસમાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સાથી યુવતીઓમાં પણ ભયનો માહોલ છવાયો છે. હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે. જોકે, નારી સંરક્ષણ ગૃહના સતાધીશો દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી. કતારગામ ખાતે રહેતી અંકિતાને નજીકમાં જ રહેતા ભાવેશ બાલુ ધનજી ગોહિલ સાથે ભાગી ગઈ હતી. જેથી અંકિતાના પિતાએ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંનેને બે દિવસ પહેલાં ઝડપી પાડયા હતા. અને અંકિતાને બે દિવસ પહેલાં નારી સંરક્ષણ ગૃહમાં મોકલવામાં આવી હતી. આજે સવારે અંકિતા ગળેફાંસો ખાઈ આપઘાત કરેલી હાલતમાં મળી આવી હતી. બનાવની જાણ થતા જ ઉમરા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

કીમની કંપનીમાંથી ૬.૨૦ લાખની ચોરી

સુરત

કીમ ખાતે બોલાવ ગામ જીઆઈડીસીમાં આવેલી માતાજી ફૂડ પ્રા.લિ. કંપનીમાં ગઈરાત્રિ દરમિયાન ત્રાટકેલા તસકરો રોકડા રૂપિયા ૬.૨૦ લાખ ચોરી પલાયન થઈ ગયા હતા. જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કીમ ખાતે બોલાવગામ જીઆઈડીસીમાં સાંતાજી ફૂડ પ્રા.લી. કંપની આવેલી છે. આ કંપનીમાં ગઈ તારીખ ૯ અને ૧૦મીની રાત્રિએ તસ્કરો ત્રાટક્યા હતા. કારખાનું બંધશટર વાકુવાળી અંદર પ્રવેશેલા તસ્કરો ઓફિસના ટેબલના તથા કબાટના ખાનામાં રહેલા રોકડા રૂપિયા ૬.૨૦ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે કંપીનીના સીઈઓ શૈલેશભાઈ હર્ષદભાઈ મણિયાર (રહે. મુરલીધર એપાર્ટમેન્ટ, આજીત પાર્ક સોસાયટી, સિટી લાઈટ રોડ, સુરત)એ કીમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૬ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકાવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની લોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની લોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ વધેલ આવકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડાયરેક્ટ હોદ્દેદાર પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આશાતીતકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેલ્ડ્રા ઉચ્ચ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રોટો મોડવી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે ૨૨૫૦માત્ર ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ઉચ્ચ ગ્રહ વર્ષ માટે ૫૦૦૦/- (ત્રોટો મોડવી કપાવી)
આપનો કોડ ઉચ્ચ ગ્રહ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે ૨૨૫૦માત્ર ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હંમેશ કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com





નર્મદા જેવા જિલ્લામાં પણ ડિજિટલ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરતો યુવાન

રાજપીપળાનો શિક્ષિત યુવાન નાના ગલ્લા પર પણ ઓનલાઈન સિસ્ટમથી ડીઝીટલ ઈન્ડિયાના પાઠ ભણાવી રહ્યો છે

મોટી મોટી દુકાનો અને વેપારીઓ માટે એક શીખ સમાન આ યુવાન ૫ રૂપિયાનું પડીકું લે છે તો પણ ઓનલાઈન રૂપિયા લે છે



કોઈપણ વ્યક્તિ માત્ર આધારકાર્ડ આપે અને બેન્કનું નામ આપે એટલે પોતાની પાસે છુટા કે રોકડા ના હોય તોય બેંક મારફતે ટ્રાન્જેક્શન કરી લે છે

રાજપીપલા : નર્મદા જિલ્લા જેવા નાનકડા અને અતિ પછાત અને આદિવાસી જિલ્લો છે, જ્યાં ૫૦૦ ગામો માંથી ૧૩૯ ગામો કનેકટીવીટી વગરના ગામો છે ત્યારે આ જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ પણ માત્ર ૩૫ ટકા છે સરકાર ડીઝીટલ ઈન્ડિયાની વાતો કરે છે અને ઓનલાઈન બેન્કિંગ માટે મોટા મોટા સેમિનારો ચલાવે છે ત્યારે રાજપીપળા એસ.ટી ડેપો સામે આવેલ એક સામાન્ય પાન પડીકા વેચી ગુજરાન ચલાવતો અઝરુદીન પઠાણ પોતે ડીઝીટલ થી પ્રેરાઈને પોતે ડીઝીટલ ધંધો કરે છે અને મોટે ભાગે ઓનલાઈન ખરીદ વેચાણ કરે છે.

જયારે ઓનલાઈન બેંકિંગ માટે ફરજ પાડવામાં આવી ત્યારે રાજપીપળાના સીંધીવાડ માં રહેતો અને એસ.ટી.બસ સ્ટેન્ડની સામે ગલ્લો ચલાવી ગુજરાન ચલાવતો અઝરૂદીન પઠાણ એક ઓ.એસ મશીન બેન્ક પાસેથી લાવ્યો એ બેંકમાં ખાતું ખોલાવ્યું અને જેંથી તામ?જેકશન કરવા લાગ્યો, જયારે પણ પોતાના ગલ્લામાં સામાન લેતો કે કોઈ અન્ય સામાન વેચવા લાવતો તો કેડિટ કાર્ડ થી પેમેન્ટ આપતો અને સામે જયારે ગલ્લા પર વેચવા બેસતો ત્યારે કોઈ પણ વ્યક્તિ આવે ૫,૧૦, ૧૨, ૧૫ રૂપિયાની કોઈ પણ વસ્તુ ખરીદે ત્યારે આ મશીનમાં અંગુઠાની ફિંગર પ્રિન્ટ પાડી સોફ્ટવેરમાં જેનો આધારકાર્ડ નંબર નાખી બેન્ક નંબર નાખે એટલે ગ્રાહકના ખાતામાં માંથી આ વેપારી યુવાનના ખાતામાં રૂપિયા જમા થઈ જાય માત્ર એક મિનિટમાં ટ્રાન્જેક્શન થઈ જાય આવા અનેક ટ્રાન્જેક્શન આ યુવાન કરતો જેનાથી ના છુટ્ટા પૈસાની ઝંઝન્ટ ના લેવડ દેવળની ત્યારે આ ખરેખર ડિજિટલ યુગનો વેપારી કહેવાય.

આ બાબતે અઝરૂદીને જણાવ્યું કે હું વિકાસશીલ ભારતથી પ્રભાવિત છું વિદેશ જેમ કામગીરી કરે છે એવું મારા ભારતમાં થવું જોઈએ પણ મારી દુકાને ગરીબ ગ્રાહકો વધુ આવતા હોય છે છુટ્ટા ની ઘણી હાડમારી અને ગરીબ વર્ગ બેંકોથી બહુ ગભરાય જેથી તેમને શીખવાડવા,ઓનલાઈન ટ્રાન્જેક્શન ખબર પાડવા આ સિસ્ટમ લાવી આજે તમામ ખરીદી હું ઓનલાઈન કરું છું દિવસ માં ૯૦ વ્યવહાર હું ઓનલાઈન કરું છું બાકી આધાર કાર્ડ ના હોય કે બેંકમાં ખાતું ના હોય તોજ રોકડા લવ બાકી કેશ વ્યવહાર કરતો નથી.

સરઈ ખાતે ધોડિયા સમાજ વાણિયા કુળ પરિવારનું સ્નેહ સંમેલન યોજાયુ



વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરઈ ખાતે ધોડિયા સમાજ વાણિયા કુળ પરિવારના યોજાયેલા સ્નેહ સંમેલનમાં વન અને આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્નેહ સંમેલનથી કૌટુંબિક ભાવના કેળવાય છે, જેથી નિયમિતપણે આ પ્રકારનું આયોજન કરવા અને તેની સાથે પરિચય મેળો રાખવા પણ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ લગ્નના મોટા ખર્ચથી બચવા માટે સમૂહ લગ્નમાં ભાગ લેવા પણ જણાવી આદિજાતિના ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી, જરૂરિયાતમંદોને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ અવસરે ધોડિયા સમાજ વાણિયા કુળના દિનેશભાઈ સહિત સમાજ-કુળના કુટુંબીજનો હાજર રહયા હતા.

અંકલેશ્વર સરદાર પટેલ હોસ્પિટલ દ્વારા હૃદય ચેકઅપ નિદાન કેમ્પ

અંકલેશ્વર

અંકલેશ્વર સ્થિત સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટીટ્યુટ ખાતે તા.૧૮ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન હૃદયરોગનાં દર્દીઓ માટે ચેકઅપ અને નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ દિવસો દરમિયાન સવારે ૧૦ થી બપોરે ૧ અને સાંજે ચારથી છ વાગ્યા દરમિયાન ડૉ. રાજીવ ખરવર અને ડૉ. રવિસાગર પટેલ દર્દીઓને તપાસી માર્ગદર્શન આપશે. કેમ્પમાં કાર્ડિયોલોજીસ્ટ અને કાર્ડિયો વાસ્કયુલર થોરાસિક સર્જન ફ્રી કન્સલ્ટેશન આપશે. કેમ્પમાં અત્યંત રાહતદરે ઈસજી, ટ્રેડ મિલ ટેસ્ટ, ૨ડી ઈકો કાર્ડીઓગ્રાફી અને એન્જિયોગ્રાફી કરી આપવામાં આવશે. જ્યારે કે માં અને માં વાત્સલ્ય કાર્ડ ધારકોને નિ:શુલ્ક સારવાર અપાશે. હોસ્પિટલ દ્વારા દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી દિવસે જાહેર રજા આપવાની માંગણી

સાંસ્કૃતિક રક્ષા સમિતિએ પત્રકાર પરિષદ યોજી

સુરત

સુરત સરકીટ હાઉસ ખાતેથી સાંસ્કૃતિક રક્ષા સમિતિના આગેવાનો આશિષભાઈ સુર્યવંશી, હરીશભાઈ પાટીલ, યોગેશભાઈ બોરસે (હિન્દુ યુવા વાહીની-સુરત જિલ્લા મહામંત્રી), દિનેશભાઈ બોરસે, મુકેશભાઈ પાટીલ, પ્રફુલ્લભાઈ કટયારે, રાહુલભાઈ પાટીલ, મુકેશભાઈ થોપટે વગેરેઓની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદનું સંબોધન કરી જણાવેલ કે, હિન્દવી સ્વરાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી તા.૧૯ ફેબ્રુઆરીના રોજ આવે છે. આ મહાન દિવસને આખા દેશમાં ઉજવવામાં આવે અને આ દિવસે જાહેર રજા રાખવામાં આવે તેવી માંગ અમો સાંસ્કૃતિક રક્ષા સમિતિએ લેખિતમાં આવેદન આપી સુરત કલેક્ટર, પ્રધાનમંત્રી, ગુજરાતના મુખ્યમંત્રી તથા અનેક વિભાગને કરેલ. આ આવેદનમાં અમોએ છત્રપતિ શિવાજી મહારાજના જીવનચરિત્ર તથા કુશળ રાજનીતિ જેવી અનેકો વિશેષતાઓ કે જે આજના યુવાનો તથા આવનારી પેઢીને ગ્રહણ કરવા જેવી બાબતો જણાવી અમોએ ૧૯ ફેબ્રુઆરીના દિને ભારત દેશમાં જાહેર રજા રાખવામાં આવે તેવી માંગણીઓ કરેલ હતી.

ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધરણા વિરોધ પ્રદર્શન

અંકલેશ્વરના શિક્ષકો પણ ધરણામાં જોડાયા

અંકલેશ્વર

ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વિવિધ પડતર માંગણીઓના પ્રશ્ને સોમવારે ધરણાં યોજવામાં આવ્યા હતા. જેમાં અંકલેશ્વરનાં ૮૦ શિક્ષકો જોડાયા હતા.

પ્રાથમિક શિક્ષકોની પડતર માંગણીઓ જેવી કે વર્ષ ૧૯૯૭ થી સળગ નોકરી ગણી તમામ લાભ આપવા ધો.૬ થી ૮નો ગ્રેડ-પે અલગથી આપવો, બિન શૈક્ષણિક કામગીરી ન સોંપવી, જૂની પેન્શન યોજના લાગુ કરવી, સાતમાં પગાર પંચના તમામ લાભ આપવા સહિતની ૮ માંગણીઓ ન સંતોષાતા શિક્ષકો આંદોલનના માર્ગે વળ્યા છે. આ મુદ્દે ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સોમવારે સવારે ૧૧ થી સાંજે ૪ વાગ્યા દરમિયાન ભરૂચ શક્તિનાથ સર્કલ પાસે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં અંકલેશ્વર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ભગવાન પટેલ, મંત્રી જગદીશ પટેલ સહિત ૮૦ શિક્ષકો જોડાયા હતા. તા.૧૧ થી ૧૬ દરમિયાન શિક્ષકો કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે. તા.૧૬મીએ ગાંધીનગર ધરણાં કાર્યક્રમમાં હાજરી આપશે.

નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કૃમિનાશક દિનની કરાયેલી ઉજવણી



રાજપીપળા : નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષની જેમ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઓગષ્ટ અને ફેબ્રુઆરી મહિનામાં વર્ષમાં બે વાર ઉજવવામાં આવે છે, જે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય આરોગ્ય વિકાસ અંતર્ગત શરૂ કરવામાં આવેલ વ્યુહ રચના પૈકી એક છે. ગત તા. ૮ મી ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ જિલ્લા આર.સી. એચ. અધિકારી ડૉ. ડી.એન. બારોટ દ્વારા નાંદોદ તાલુકાનાં સુંદરપુરા ગામમાં તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધીકારી ડૉ. વિપુલ ગામિત દ્વારા અંબુભાઈ પુરાણી હાઈસ્કુલમાં ઉજવણી કરવામાં આવી હતી. નર્મદા જિલ્લામાં દરેક તાલુકાનાં દરેક ગામમાં વિશ્વ કૃમિ મુક્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાની કુલ આંગણવાડી-૯૭૬ કેન્દ્ર અને શાળા ૮૯૮ ના કુલ મળીને અંદાજે ૧.૫૧ લાખથી વધુ બાળકોને કૃમિનાશક ગોળીઓ આપવામાં આવી હતી, જેમાં ૧ થી ૧૯ વર્ષની વયના તમામ બાળકોને આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર દ્વારા તેમજ શાળાઓમાં શિક્ષકોની હાજરીમાં કૃમિનાશક ગોળીઓ આપવામાં આવી હતી, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત, નર્મદા (રાજપીપળા) તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના માટે ઓનલાઈન અરજી કરવા અનુરોધ

કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સતત મોનીટરિંગ કરાઈ છે

નવસારી

દેશના તમામ નાના અને સિંમાત ખેડૂત પરિવારોની ન્યુનત્તામ આવક સુનિશ્ચિત કરવા ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ બે હેકટર સુધીની ખેતીની જમીન ધરાવતા નાના સિંમાત ખેડૂત પરિવારોને વાર્ષિક છ હજાર રૂપિયા ત્રણ સરખા હપ્તામાં ચુકવવાની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લાના ખેડૂતોને સત્વરે ગ્રામ પંચાયત કચેરી ખાતે ઓનલાઈન અરજી કરવા કલેકટર ડી.એમ.ડી.મોડીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના હેઠળ ખેડૂત પરિવારોને ઝડપથી લાભ મળે તે માટે નવસારી જિલ્લામાં કલેકટર ડી.એમ.ડી.મોડીયા અને જિલ્લા વિકાસ અધિકારી આર.જે.ગોહિલની દોરવણી હેઠળ સુચારૂ આયોજન થયું છે. ખેડૂતોએ ગ્રામ પંચાયત કક્ષાએ પંચાયત ઓફિસમાં ઓનલાઈન અરજી કરવાની કરવાની રહેશે. ખેડૂતોએ અરજી કરતી વખતે ૭/૧૨, ૮-અ, આધારકાર્ડ, તેમજ બેંક પાસબુકની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે. સંબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે જ અરજી કરવાની રહેશે.

આ યોજના હેઠળ ખેડૂતોની મળેલી અરજીઓ ૨૦ ફેબ્રુઆરી-૧૯ સુધીમાં ગ્રામસભામાં વંચાણે લેવાશે. ગ્રામસભામાં મંજુરી મળ્યા બાદ તાલુકાકક્ષાએ મોકલવામાં આવશે. ત્યારબાદ ભારત સરકારને ૨૫ ફેબ્રુઆરી-૧૯ સુધીમાં મોકલી આપવામાં આવશે. પ્રથમ હપ્તો ૧-૧૨-૧૮ થી તા.૩૧-૩-૧૯ સુધીનો રૂા.બે હજાર ખેડૂતોના ખાતામાં જમા થશે.

જે પરિવારમાં વૈદ્યાનિક પદ ધરાવતા હોય, પુર્વ કે ચાલુ મંત્રી પદ ધરાવતા હોય, સાંસદ, ધારાસભ્ય, મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર, જિલ્લા પંચાયતના પ્રમુખ, પુર્વ કે ચાલુ, વર્ગ-૪ સિવાયના તમામ કેન્દ્ર રાજય સરકારના અધિકારીઓ-કર્મચારીઓ, છેલ્લા એક વર્ષ દરમિયાન આવકવેરો ભર્યો હોય તેવા ખેડૂત પરિવાર, પરિવારમાં કોઈ ડોકટર, એન્જિનિયર, ચાટૂર્ટ એકાઉન્ટન્ટ કે આર્કિટેક હોય તેવા પરિવારનો પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સમાવેશ થશે નહી, એમ જિલ્લા ખેતીવાડી અધિકારી નવસારી દ્વારા જણાવાયું છે.





નર્મદા જિલ્લામાં બે સ્વાઈનફ્લુના દર્દી મળી આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું

સિવિલ હોસ્પિટલના ગાયનેક તબીબ અને નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થીનીને સ્વાઈનફ્લુની અસર

આરોગ્ય વિભાગે જરૂરી પગલાં લઈ દર્દીઓ અને તેની આસપાસના લોકોની કાળજી લીધી

રાજપીપળા : નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે હાલમાં બે સ્વાઈનફ્લુના દર્દીઓ જોવા મળ્યા છે જેમાં ખાસ એ જોવા મળ્યું છેકે બંને દર્દીઓ આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલા છે જેમાં એક ગાયનેક તબીબ ર્ડો. હર્ષિલ છે અને એ રાજપીપળા સીવીલમાંજ ફરજ બજાવે છે જયારે એક જીતનગર નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થીની મીના રાઠવા છે જોકે આ બન્નેને જરૂરી સારવાર આપી આરોગ્ય વિભાગે તકેદારી લીધી હતી

એક તરફ આરોગ્ય વિભાગ તત્કાલ પગલાં લઈ રોગ પર નિયંત્રણ લાવવા પ્રયાસ કરે છે પરંતુ સિવિલમાં જયાં સ્વાઈનફ્લુના દર્દીઓને દાખલ કરાય છે ત્યાં નજીકમાંજ પાણીના ખાબોચિયા અને ગટરના ખુલ્લા ઢાંકણા જોવા મળતા એમ લાગ્યું કે સ્વાઈનફલુ માટે દાખલ થયેલા દર્દીઓ અન્ય બીમારીનો ભોગ પણ બની શકે છે. માટે જીલ્લાની વડી એવી રાજપીપળા સિવિલમાં દર્દીઓની ખાસ કાળજી લેવાય એ માટે સત્તાધીશો પ્રયાસ કરે એ જરૂરી છે.

જોકે સિવિલ હોસ્પિટલમાં જયાં સ્વાઈનફ્લુના દર્દીઓને રાખવાં આવે છે ત્યાં પાણીના ખાબોચિયા, ગટરના ખુલ્લા ઢાંકણાના કારણે અન્ય બીમારીનો ખતરો



અમે તાત્કાલિક તમામ જરૂરી પગલાં લીધા છે : ર્ડો.કશ્યપ (રોગ નિયંત્રણ અધિકારી)

નર્મદા આરોગ્ય વિભાગના રોગ નિયંત્રણ અધિકારી ર્ડો.કશ્યપે જણાવ્યું કે સિવિલના ગાયનેક ડોક્ટર અને નર્સિંગની એક સ્ટુડન્ટ સ્વાઈનફ્લૂનો શિકાર બન્યા હતા પરંતુ આ બંનેને અને એમની સાથે રહેતા બધાને જરૂરી દવા અને અન્ય તકેદારીનું અમે ધ્યાન આપ્યું છે.જેના કારણે અન્ય ને આ વાયરસ ન લાગે આ બે દર્દી સિવાય જિલ્લામાં અન્ય કોઈ સ્વાઈનફલુ નથી.

રાણપુરના નાનીવાવડી ગામે પણ સ્વાઈન ફ્લુથી એક યુવકનુ મોત થયુ હતુ

રાણપુરના માલણપુર ગામે સ્વાઈન ફ્લુ થી મહીલાનુ મોત થતા રાણપુર પંથકમાં હાહાકાર રાણપુર તાલુકાનો મૃત્યુ આંક ૨ થયો

પારૂલબેનના મોતથી બે બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી

સમગ્ર રાજ્યમાં સ્વાઈન ફ્લુ એ હાહાકાર મચાવી દીધો છે અને લોકો માં સ્વાઈન ફ્લુ ને લઈ ચિંન્તા માં મુકાયા છે ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના માલણપુર ગામની ૨૭ વર્ષીની એક મહીલાનુ સ્વાઈન ફ્લુ ને કારણે મોત થયુ છે આ અંગે મળતી માહીતી મુજબ રાણપુર તાલુકાના માલણપુર ગામે પારૂલબેન રાજુભાઈ મેજળીયા(ઉંમર ૨૭ વર્ષ)નામની મહીલાને સૌપ્રથમ રાણપુર અને ત્યાથી બોટાદ ખાતે બતાવવામાં આવતા ત્યા રીપોર્ટ કરતા પારૂલબેન ને તકલીફ વધુ હોય તાત્કાલિક ભાવનગર ની સરકારી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવી હતી માલણપુર ગામે સ્વાઈન ફ્લુ નો કેશ નોંધાતા સરકારી આરોગ્યની ટીમ તાત્કાલિક દોડી આવી હતી અને લોકોને સાવચેત રહેવા અને જરૂરી દવાઓનુ વિતરણ કરવામાં આવ્યુ સાથે સરકારી આરોગ્ય કેન્દ્ર દ્વારા માલણપુર ગામ લોકોને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો જ્યારે આઠ દિવસ સુધી પારૂલબેનની સારવાર કરવામાં આવી અંતે પારૂલબેન નુ મોત થયુ હતુ પારૂલબેન નુ સ્વાઈન ફ્લુ ને કારણે મોત થતા નાના એવા માલણપુર ગામમાં ચિંન્તા ના માહોલ વચ્ચે શોકનુ મોજુ ફળીવળ્યુ હતુ

આ અંગે વધુ મળતી માહીતી મુજબ અગાઉ રાણપુરના નાનીવાવડી ગામે પણ એક ૨૬ વર્ષીય યુવક નુ સ્વાઈન ફ્લુ ના કારણે મોત થયુ હતુ રાણપુર પંથક માં સ્વાઈન ફ્લુ એ બે વ્યક્તી નો જીવ લેતા રાણપુર પંથક માં હાહાકાર મચી ગયો છે જ્યારે રાણપુર શહેર માં પણ સ્વાઈન ફ્લુ નો એક કેસ નોંધાયો છે અને એ દર્દી હાલ અમદાવાદ હોસ્પીટલ માં સારવાર લઈ રહ્યો હોવાનુ જાણવા મળેલ છે

પારૂલબેનનુ મોત થતા બે બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી

માલણપુર ગામના રાજુભાઈ મેળજીયા ના ૨૦૦૮ ની સાલ માં પારૂલબેન સાથે લગ્ન થયા હતા અને તેમને બે બાળકો હતા સ્વાઈન ફ્લુ થવાના કારણે મોત થતા બે બાળકો એ માતાની છત્રછાયા ગુમાવી છે બે બાળકોમાં મોટો દીકરો દશરથ જેની ઉંમર ૬ વર્ષની છે અને નાનો દીકરો ગૌતમ જેની ઉંમર ૪ વર્ષની છે આ બન્ને બાળકો ને નાનપણ માં જ માતાની છત્રછાયા ગુમાવતા દશરથ અને ગૌતમ ની આંખ માં આંસુ સુકાતા નથી

પત્રકાર વિપુલ લુહાર દ્વારા તાત્કાલિક ઉકાળા નુ વિતરણ કરવા માટે રજુઆત કરાઈ

રાણપુર શહેર અને રાણપુર તાલુકાના ગામડાઓમાં લોકો ને સ્વાઈન ફ્લુ ના ઉકાળા પીવડાવવા અંગે રાણપુરના પત્રકાર વિપુલ લુહાર દ્વારા રાણપુર તાલુકા આરોગ્ય અધિકારી જાકીરહુશૈન સાહેબ નો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે આગામી દિવસો માં રાણપુર અને રાણપુર ના ગામડાઓમાં સ્વાઈન ફ્લુ ના ઉકાળા પીવડાવવામાં આવશે અને વધારે માં વધારે લોકોને આ ઉકાળો પીવડાવવામાં આવશે

જો ઓનલાઈનનો સરકારને એટલો શોખ હોય તો શિક્ષકોના પગાર ઓનલાઈન કરો : શિક્ષક સંઘ

નર્મદા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો કાળી પટ્ટી પહેરી એક દિવસ ના ઉપવાસ આંદોલન વિવિધ પડતર માંગણીઓને લઈને રાજ્યના શિક્ષકો આંદોલન ના મૂડમાં : ૧૬ મીના ગાંધીનગર મહા રેલી

રાજપીપળા : આરોગ્ય કર્મીઓ બાદ હવે રાજયાના પ્રાથમિક શિક્ષકો પણ પોતાની કેટલીક માંગણીઓને લઈને આંદોલનનું રણશિંગુ ફુક્યું છે અત્યાર સુધી પ્રાથમિક શિક્ષકોને સરકાર લોલીપોપ પકડાવતી આવી છે ત્યારે હવે આગામી ચૂંટણીમાં



નિર્ણાયક ભૂમિકા ભજવવા પણ હવે શિક્ષકો તૈયાર થયા છે ત્યારે એટલા મોટા વર્ગ ને નારાજ કરી સરકારને ભારે પડે તેમ છે એટલે રાજયના તમામ જિલ્લાઓમાં શિક્ષકો પ્રતીક ઉપવાસ આંદોલન કરી સરકાર સામે હાલ બાંયો ચઢાવી છે.

રાજપીપળા ખાતે જિલ્લા કલેક્ટર કચેરી સામે નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મોટી સંખ્યામાં ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું જેમાં નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ હરેન્દ્ર સિંહ રાઉલજી, રાજ્ય સંઘના મંત્રી, ભરત પટેલ, અશ્વીન તડવી સહીત ડેડીયાપાડા સાગબારા સહીત પાંચેય તાલુકાઓના હોદ્દેદારો હાજર રહ્યા હતા તેમની માંગ છે કે ૧૯૯૭ થી આજદિન સુધી ભરતી થયેલ તમામ શિક્ષકોને સળંગ નોકરી ગણવી ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોને ૪૨૦૦ નો ગ્રેડ પે, એચ.ટાટ શિક્ષકોના આર.આર. (નિયમો) નક્કી કરવા, જૂની પેંશન યોજના લાગુ કરવી., શિક્ષણ સિવાયની અન્ય કામગીરીઓ સોંપવી નહીં, વિદ્યા સહાયકોને એ સ . પ ી . એ લ આપવી.સ્પેશીયલ લિવ જેવી માંગો સાથે સરકારી પ્રાથમિક શિક્ષકોના એક દિવસીય પ્રતીક ઉપવાસ કર્યો હતો અને કાળી પટ્ટી પહેરી દેખાવો કર્યો હતો.











